આધારાનંદ, વૈષ્ણવાનંદ, અચિંત્યાનંદ આદિ મુક્તોએ સત્સંગિજીવન, સત્સંગિભૂષણ આદિ, સંસ્કૃતભાષામાં પચીસ હજાર ત્રીસ હજાર શ્લોકનાં મોટાં શાસ્ત્ર કર્યા છે. અને 'પ્રાકૃતભાષા' અર્થાત્ ગદ્ય અને પદ્યમાં પણ કેટલાંક શાસ્ત્રો રચ્યાં છે. એ શાસ્ત્રમાં જેમનાં દિવ્ય પ્રતાપ, ચરિત્ર, ઐશ્વર્ય આદિનું વર્ણન છે, એવા ભક્તિધર્મના પુત્ર શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુ, તે પોતે જ કેવળ પરમ કૃપા કરીને, જે મુક્તને પોતાની મૂર્તિમાં રાખે છે એને અનાદિમુક્ત, નિત્યમુક્ત, કૈવલ્યમુક્ત ને સર્વાત્માબ્રહ્મ નામે કહેવાય છે. અને એ મુક્ત દિવ્ય સાકાર થકા જ શ્રીહરિની સાથે એકાત્માપણે જોડાઈ રહીને તેમના સળંગ સ્વરૂપના આનંદને અખંડ અનુભવે છે ને મૂર્તિ વિના બીજું કાંઈ જોતા નથી.

અને જે મુક્તને શ્રીહરિ પોતાની પાસે રાખે છે તે મુક્ત મૂર્તિ સામું જોઈ રહે છે અને શ્રીહરિનો આનંદ, અખંડ અનુભવે છે. એ મુક્ત પરમએકાંતિક નામે તથા મહામુક્ત અને વિદેહમુક્ત નામે કહેવાય છે. અને શ્રીજીમહારાજ એ સર્વ મુક્તને પાસે અને સન્મુખ પોતાનું દર્શન આપે છે. આમ સમજવું તે પ્રત્યક્ષાર્થ છે.

આમાં શ્રીજીમહારાજને કહેવાનું એ છે કે, અહીં સાધનકાળમાં સાધન સિદ્ધ કરીને જેમણે મારી પ્રસન્નતા મેળવી હોય એવા એકાંતિક ભક્ત જ્યારે દેહત્યાગ કરે છે, ત્યારે જો તે ભક્તે સદ્ગુરુથકી મૂર્તિમાં રહેવાની સમજણ પ્રાપ્ત કરી હોય તો, તેને હું મારી મૂર્તિમાં રાખું છું ને સન્મુખ રહેવાની સમજણ દૃઢ કરી હોય તો સન્મુખ રાખું છું. અને એવા અનન્ય ભક્ત સાધનકાળમાં અહીં એકાંતિક, જીવનમુક્ત અને પરમભાગવત નામે કહેવાય છે.

## મુક્ત મૂર્તિમાં રહે છે તેનું દિગ્દર્શન

(વચનામૃતાનુસાર)

શિક્ષાપત્રીના આ ૧૧૧માં શ્લોકમાં ''મુક્ત અતિશય હેતે કરીને ભગવાનની મૂર્તિમાં રહે છે.'' એમ કહ્યું, તેવી જ રીતે ગઢડા પ્રથમ પ્ર.ના ૫૧માં વચનામૃતમાં પણ કહ્યું છેઃ

''એ સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન, તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ.'' આ અનાદિમુક્તની સ્થિતિ કહી છે; કેમ કે અનાદિમુક્ત પુરુષોત્તમ સાથે એકાત્મપણાને પામ્યા છે; માટે પુરુષોત્તમ એવા શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુની મૂર્તિમાં રહે છે અને પુરુષોત્તમની દૃષ્ટિએ જુએ છે, તેથી જ તે મુક્તને પુરુષોત્તમ વિના બીજું કાંઈ ભાસતુ જ નથી.

વળી સારંગપુરના ૧૧માં વચનામૃતમાં પણ કહ્યું છેઃ ''તેમ તે ભક્ત પણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે કયારેક તો લીન થઈ જાય છે ને કયારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે. અને જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે. આવી રીતની જે સામર્થી તે તો ભગવાનની કૃપા થકી આવે છે.'' આ વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું કે, અમે કૃપા કરીએ ત્યારે અમારા 'તુલ્યપણાને પામે છે' કહેતાં, અનાદિમુક્ત થાય છે ને અતિશય હેતે કરીને અમારી મૂર્તિમાં લીન થાય છે; અર્થાત્ એ મુક્તને અમે મૂર્તિમાં રાખીએ છીએ.

છેલ્લા પ્રકરણના ૨૧મા વચનામૃતમાં પણ કહ્યું છેઃ ''અમે તો જેવા સર્વથી પર જે દિવ્યધામ, તેને વિષે ભગવાનના પાર્ષદ છે, તેથકી અધિક જો આ સત્સંગીને ન જાણતા હોઈએ તો, અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે.''

**ભાવાર્થ :–** આમાં પણ શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક ને મૂળઅક્ષરનાં ધામ–અનંતકોટી બીજી ભૂમિકાઓ, એ સર્વ ધામથી પર જે 'દિવ્યધામ' કહેતાં શ્રીહરિજીના પ્રકાશપુંજરૂપ અક્ષરધામ, તેને વિષે જે ભગવાનના 'પાર્ષદ' અર્થાત્ પરમએકાંતિક મુક્ત રહ્યા છે તેથકી અધિક જો 'આ સત્સંગીને' એટલે અનાદિમુક્તને ન જાણતા હોઈએ તો, અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે–એમ શ્રીહરિએ કહેલું છે.

## બ્રહ્મસૂત્રભાષ્યરત્ન

અનાદિમુક્ત સદ્. મુક્તાનંદસ્વામીકૃત 'બ્રહ્મસૂત્રભાષ્યરત્ન'માં પણ આ જ સિદ્ધાંત પ્રતિપાદન કર્યો છે. તે કહ્યું છેઃ–

ગુણ તથા રૂપે કરીને ભગવાનના સરખા એવા પરમએકાંતિક મુક્ત છે, તે પાર્ષદરૂપે અતિશય આનંદરૂપ એવું પરબ્રહ્મનું સ્વરૂપ તેને સેવતા થકા, તે પરબ્રહ્મના સ્વરૂપનો આનંદ અનુભવે છે. અને અનાદિમુક્ત મૂર્તિમાં લીન થઈને રહે છે તો પણ 'अविभागेन' કહેતાં, પરબ્રહ્મ સાથે એકાત્મપણું પ્રાપ્ત કરીને પરબ્રહ્મના સ્વરૂપને અનુભવે છે, છતાં સ્વામી–સેવકપણું કાયમ રહે છે.

## સત્સંગિભૂષણ

અનાદિમુક્ત સદ્. વાસુદેવાનંદસ્વામીએ સ. ભૂ. અંશ ૩, અ. ૨૭માં કહ્યું છેઃ–

ગઢપુરમાં જયા, લલિતા આદિ બાઈઓ પરસ્પર વાર્તા કરે છે : આપણે; 'તે શ્રીજીના; અકળિત એવા સ્વરૂપમાં; સદા; સ્થિર થઈને રહ્યાં છીએ; તોપણ કહેતાં શ્રીહરિ, આપણે વિષે કાંઈક દોષ જોઈને દર્શન દેવા માટે આવવામાં વિલંબ કરે છે.

વળી સ.ભૂ.અં, ૩, અ.૨૪માં પણ કહ્યું છેઃ-

આ સચ્ચિદાનંદમુનિ દુર્ગપુરમાં રહ્યા છે તોપણ તે શ્રીહરિજીની મૂર્તિમાં રહ્યા છે, માટે તેમને દેહની સ્મૃતિ નથી. અને શ્રીજીમહારાજ જે જે લીલા કરે છે તેને દેખે છે. વળી તે મુનિ દુર્ગપુરમાં રહ્યા છે ને શ્રીહરિ ધર્મપુરમાં હાલ વિરાજે છે, તો પણ શ્રીજી સાથે જમે છે-એમ સંબંધ છે.

**સત્સંગિજીવન**

સ.જી.પ્ર.૨, અ.૫૧માં શ્રીહરિએ કહ્યું છેઃ-

જ્ઞાની એવો પ્રેમી ભક્ત તે, કોઈક સમયે પોતાના હૃદાકાશમાં પ્રકટ એવા શ્રીહરિને જોઈને, અતિશય વૃદ્ધિ પામેલ સ્નેહ, તેણે કરીને પરવશ થઈને બોલવાને પણ સમર્થ થતો નથી ને દેહનું ભાન પણ ભૂલી જાય છે, ને મારારૂપ થઈને મારી ઈચ્છાથી મૂર્તિમાં લીન થઈ જાય છે. (તે લીનપણું જળમાં જળની પેઠે ન સમજવું; અર્થાત્ દાતા-ભોક્તા ને સ્વામી-સેવકભાવે મૂર્તિમાં રહીને સળંગ મૂર્તિનું સુખ ભોગવે છે) અને મારી ઈચ્છાથી બહાર પણ આવે છે; એટલે પોતાની સ્મૃતિને પામે છે.

**શ્રીમદ્ભાગવત**

શ્રીકૃષ્ણભગવાને શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધ અ.૨માં કહ્યું છેઃ-

જેના ચિત્તમાં વિષયભોગની કામનાનો અવ્યક્ત રાગ પણ ઉત્પન્ન થતો નથી, અને જેને અર્થાત્ વાસુદેવ ભગવાન જ એક છે. નિવાસસ્થાન જેને, તે ઉત્તમમાં ઉત્તમ ભાગવત ભક્ત છે. વળી એ જ સ્કંધના ૭માં અધ્યાયમાં શ્રીકૃષ્ણભગવાને ઉદ્ધવને કહ્યું છેઃ-

ઈંદ્રિયોને તથા ચિત્તને નિયમમાં કર, દેહ તથા જગતને આત્મામાં લીન જો અને આત્માને મારે વિષે જો.

**મહાભારત**

મહાભારતના શાન્તિપર્વના મોક્ષધર્માનુશાસન પર્વ અધ્યાય ૩૩૪માં ભિષ્મપિતામહનું પણ વચન છેઃ-

જે મનુષ્યો તે વાસુદેવનારાયણનું સ્મરણ કરે છે તથા અનન્યભાવથી તેમનું શરણ સ્વીકારે છે, તેમને સૌથી મોટો લાભ એ થાય છે કે, તે ભક્તો ભગવાનના સ્વરૂપમાં પ્રવેશ કરે છે; અર્થાત્ ભગવાન કૃપા કરી તેમને પોતાની મૂર્તિમાં રાખીને મૂર્તિનું સુખ આપે છે.

**ભગવદ્ગીતા**

વળી મન-બુદ્ધિ ભગવાનમાં રાખ્યા પછી જીવાત્માને જ પરમાત્મા, પોતાના સ્વરૂપમાં રાખે છે. તે ભગવદ્ગીતા અ.૧૨માં શ્રીકૃષ્ણભગવાનનું અર્જુન પ્રત્યે આ પ્રમાણે વચન છેઃ-

તું મારામાં જ મન ધારણ કર અને મારામાં બુદ્ધિ પરોવ; એ પછી તું મારામાં જ રહીશ; એમાં સંશય નથી. વળી એ જ ગ્રંથના ૧૮માં અધ્યાયમાં પણ ભગવાને કહ્યું છેઃ-

હું કેવો છું? ને કોણ છું? તે યથાર્થપણે ભક્તજન, મારી પરમ ભક્તિદ્વારા જાણી શકે છે. અને પછી એ પ્રમાણે મને તત્ત્વે કરીને જાણવાથી, મારામાં પ્રવેશ કરે છે.

**ઘનશ્યામલીલામૃતસાગર**

અનાદિમુક્ત સદ્. ભૂમાનંદસ્વામીકૃત 'શ્રીઘનશ્યામલીલામૃતસાગર' ઉત્તરાર્ધ તરંગ ૬૧માં, પર્વતભાઈ અને શ્રીહરિજીના સંવાદમાં આ જ વાત પ્રધાન છે. તેમાં પ્રથમ તો પર્વતભાઈ શ્રીહરિને કહે છેઃ-

**મુને નથી બીજું કાંઈ ભાન, નિત્ય ધરું છું તમારું ધ્યાન. ॥૧૮॥**
**મૂર્તિમાં રહું છું દિનરાત, કૃપાનાથ કહું સાચી વાત;**
**એમ શ્રીહરિ સહજાનંદ, સ્વામિનારાયણ સુખકંદ. ॥૧૯॥**
**પોતાના જે છે અનાદિમુક્ત, તેની સ્થિતિ જાણવાની જુક્ત;**
**પર્વતભાઈને કહે વચન, શાંત કરાવ્યાં સર્વનાં મન. ॥૨૦॥**
**પછી બોલ્યા શ્રીજીમહારાજ, અમારા અનાદિમુક્ત આજ;**
**અનંતકોટિ બ્રહ્માંડનાં પ્રાણી, સર્વેનાં કરવા કલ્યાણ જાણી. ॥૨૧॥ અહીં આવીને પ્રકટ થાય, આપે છે અપવર્ગ સદાય; ॥૨૨॥**

વળી એકવખત શ્રીજીમહારાજ જેતલપુરના મહોલ ઉપર વિરાજમાન હતા. પછી શ્રીજીની કૃપાદૃષ્ટિથી સભાજનોને આ પ્રમાણે દિવ્ય દર્શન થયાં જેનું વર્ણન તરંગ ૬૧માં કરેલું છેઃ

**કોટિ કોટિ મુક્તના સમાજ, વિંટાઈ બેઠા છે સુખસાજ;**
**પ્રભુ સામું જોઈ રહ્યા સર્વ, એક ચિંત્તે પ્રીતેથી અપૂર્વ. ॥૪૭॥**
**મહાપ્રભુની મૂર્તિ મોઝાર, બીજા મુક્ત જોયા છે અપાર; ॥૪૮॥**

વળી કણભાના ઝવેરભાઈને દિવ્યદર્શન આપીને, શ્રીજી આ જ વાત સમજાવે છે-જેનો ઉલ્લેખ તરંગ ૮૪માં કરેલો છેઃ

**નિજ ધામમાં પોતાનું રૂપ, બતાવ્યું છે પ્રત્યક્ષ અનુપ;**
**તે મૂર્તિમાં કોટિ કોટિ મુક્ત, અનંત ઐશ્વર્ય શક્તિયુક્ત. ॥૨૨॥**

**હરિલીલામૃત**

હરિલીલામૃત કળશ ૩, વિશ્રામ ૧૫માં પણ કહ્યું છેઃ-

**અંતે જીવો બ્રહ્મ વિષે સમાય, તે વાત સાચી, શ્રુતિ એમ ગાય;**
**જળે સમાયા જળજંતુ જેમ, તે બ્રહ્મામાં લીન થશે જ તેમ. ॥૩૬॥**
**જો નીરમાં ક્ષીર મળ્યું જણાય, તથાપિ તે એક કદી ન થાય;**
**આત્મા તથા જે પરમાત્મા છેય, મળ્યા દીસે તો પણ ભિન્ન બેય. ॥૩૭॥**

વળી આ જ ગ્રંથના કળશ ૭, વિશ્રામ ૧૬માં, ગણોદના અભેસિંહજી રાજાએ પૂછેલ પ્રશ્નના ઉત્તરમાં, સદ્. અચિંત્યાનંદવર્ણી આ જ વાત સમજાવે છેઃ-

**વળી પૂછે રૂડી રીતે રાય, મુજને એક સંશય થાય;**
**સદા ધર્મનું છે શ્વેત અંગ, કેમ મૂર્તિ દીસે શ્યામ રંગ. ॥૧૩॥**
**સુણી વર્ણિ કહે સુણો ભૂપ, કહું કારણ એનું અનુપ;**
**ધર્મને સદા કૃષ્ણનું ધ્યાન, રહે કૃષ્ણ હદે કરી સ્થાન. ॥૧૪॥**
**કૃષ્ણમાં લીન છે અંગોઅંગ, તેથી મૂર્તિ દીસે કૃષ્ણ રંગ;**
**માટે સંશય તે તજો રાય, હવે સાંભળો બીજી કથાય. ॥૧૫॥**

**અનાદિમુક્ત સદ્. ગોપાળાનંદસ્વામી**

(વાર્તાસંગ્રહ)

જેમ પૃથ્વી જળમાં રહી છે ને બહાર પણ જણાય છે, તો પણ જળમાં જ છે. તેમ કૈવલ્યમુક્ત તો સદા પરમેશ્વરમાં જ રહે છે.

**અનાદિમુક્ત સદ્. મુક્તાનંદસ્વામી**

પદ ૯૨૭-૨

**સુનત બંસી મેરી શુદ્ધ વિસરી, કહા જાનું કહા કીન.**
**સુને કોન અબ શીખ જક્તકી, હું ભઈ હરિમેં લીન.**

પદ ૯૨૯-૪

**પ્રીત કરત મેરો પલટ્યો હે અંગ ... ... ... ... ... ... ટેક**
**તનમન અર્પી મીલે મનનોહન કું, હો ગઈ એક હી અંગ. પ્રી.**
**મુક્તાનંદ મહદ યહ આશ્ચર્ય, બીનહિ અંગ ન ઉમંગ. પ્રી.**

**અનાદિમુક્ત સદ્. બ્રહ્માનંદસ્વામી**

પદ ૪૫૧-૪

**રસબસ હોઈ રહી રસિયા સંગ, જયું મીસરી પય માંહી ભળી.**

પદ ૨૨૬૧-૫

**મેં પ્રીતમકે માંહ્ય, પિયા મોય ભીત રે,**
**અરસપરસ એકતાર, રહ્યા હે સ્વતંત્ર રે.**

પદ ૨૪૮૦-૧

**જોગી વાકુ જાનીએ, જાકા હરિસે જોગ;**
**રહે નિરંતર રામમેં અંતર સદા અરોગ.**

**અનાદિમુક્ત સદ્. નિષ્કુળાનંદસ્વામી**

વળી સ.ગુ. નિષ્કુળાનંદસ્વામીએ **''મુને સ્વપ્ને ન ગમેરે સંસાર...''** એ કીર્તનમાં ગાયું છેઃ-

પદ ૧૫૭૦-૩

**ધામ સ્વરૂપ પોતાતણું, શ્રીહરિ પોતે સાકાર;**
**પ્રભુપદ પ્રીત ઉપાસના, પય મીસરી એકતાર... રોક્યો.**

પદ ૧૫૯૭-૪

**જીવનમુક્તના જોગમાં, વૈદેહી રે વૈરાગ્ય;**
**આધિ વ્યાધિ મટી આ સમે, અનાદિમુક્તનો મેળાપ... સહજા.**
**રોમ રોમ રાચી રહી, સહજાનંદ સ્વરૂપ;**
**નિષ્કુળાનંદ રીઝયા હરિ, તીવ્ર વૈરાગ્યની તોપ... સહજા.**

પદ ૧૫૭૫-૮

**પ્રીતમ મેરી ભીંતરે, મેં પ્રીતમમેંવાસ;**
**નિષ્કુળાનંદ કહે શ્રીહરિતણા, અમે દામ વિનાના દાસ... સોહાગણ.**

સારસિદ્ધિમાં પણ નિષ્કુળાનંદસ્વામી લખે છેઃ-

**શ્રીખંડમાં જેમ સુગંધી રહી, રહ્યો ઈક્ષુમાંહી રસ;**
**તેમ હરિજનમાં હરિ, હળીમળી રહ્યા એકરસ.**

**ભક્તચિંતામણિ**

માર્કંડેયઋષિ, ભક્તચિંતામણિના ૧૮માં પ્રકરણમાં અનાદિમુક્તની સ્થિતિ સમજાવે છેઃ-

**સ્વતંત્રપણું લક્ષ્મીના જેવું રે, જે શ્રીકૃષ્ણસ્વરૂપમાં રહેવું રે, ॥૨૨॥**

વળી સચ્ચિદાનંદમુનિની સ્થિતિ, એ જ ગ્રંથના પ્ર.૧૩૪માં ગ્રંથકાર આ પ્રમાણે લખે છેઃ-

**થયો જે દિનનો સતસંગ, થયું તે દિનું અલૌકી અંગ;**
**હરે ફરે કરે કાંઈ કામ, રહી હરિમાંહિ આઠુ જામ. ॥૨૫॥**

આવી રીતે શ્રીજીમહારાજે વચનામૃત તથા શિક્ષાપત્રીમાં અનાદિમુક્તની સ્થિતિ સમજાવી છે; તેમ જ શતાનંદમુનિ, વર્ણી વાસુદેવાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી, ધ.ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ આદિ અનાદિમુક્તોએ સ્વરચિત ગ્રંથોમાં, કાવ્યકીર્તનમાં તેમ જ સદ્. ગોપાળાનંદસ્વામીની વાતોમાં, તથા શ્રીમદ્ભાગવત, મહાભારત અને ભગવદ્ગીતામાં પણ અનાદિમુક્તની સ્થિતિ વર્ણવેલી છે.

– અ.મુ. શ્રી સોમચંદબાપા

# અ.મુ. શ્રી સોમચંદબાપાએ પત્ર દ્વારા આપેલ ઉપદેશ

* અવરભાવમાં વ્યવહારકાર્ય ગમે તે કરીએ પણ પરભાવ સામી નજર રાખવી. અક્ષરધામમાં જે મહારાજ દિવ્ય તેજોમય છે, તે જ મહાપ્રભુ તેજ–ઐશ્વર્ય બંધ કરી મૂર્તિરૂપે દર્શન દે છે. જેવી ધામની સભા દિવ્ય છે, તેવા જ સત્સંગમાં સંત હરિભક્ત દિવ્ય છે, એમ જાણી આપણું મોક્ષરૂપ કાર્ય સિદ્ધ કરી લેવું. મહારાજ અને મહારાજનું અક્ષરધામ તથા દિવ્ય સભા સદાય છે, છે ને છે જ. સર્વાધાર હોય તે સર્વત્ર હોય. આવો પરભાવ દૃઢ કરવો. મહારાજના વચનામૃત, સદ્‌ગુરુઓની વાતો તથા બાપાશ્રીની વાતોનું મનન કરવું. કલ્યાણને અર્થે અનેક ગ્રંથો મોટાએ રચ્યા છે. તે ચરિત્રસાગરમાંથી જેટલું ચાંચમાં બળ હોય તેટલું લેવું, પિવાય તેટલું અમૃત પીવું, ઉડાય એટલું ઊડવું, સર્વ દિવ્ય ચરિત્રો–ઉપદેશ વચન બધાં આપણા અર્થે છે. તેમાં જે પ્રકરણ આપણા અંગમાં મળતું આવે તે લેવું અને બીજું બીજા ભક્તોને અર્થે છે એવો નિર્ણય મહારાજે સમજાવ્યો છે. આપણા ઉપર તો શ્રીજીમહારજ અઢળક ઢળ્યા છે જેથી મળ્યા ને મનાણા. આવો વિચાર કરતાં એ મૂર્તિ મુખ્ય રાખવી. શ્રીજીમહારાજની સરખામણીમાં કોઈ નથી. અજોડ અદ્વિતીય મહાપ્રભુ આપણને મળ્યા છે. અવતાર અનંત, મુક્ત અનંત, ઐશ્વર્યાર્થી અનંત પણ મહારાજ તો એક જ.

'જોવા રાખી નહીં જોડ, પુરુષોત્તમ પ્રગટી રે.'

એવી પ્રાપ્તિ આપણને છે. મહારાજે કૃપા કરીને સૌને પોતાની દિવ્ય મૂર્તિના સુખ ભોક્તા કર્યા છે, એ સત્ય છે અને સત્ય રહેશે.

* ભાગ રાખ્યાનું તો મહારાજે પોતે જ લખ્યું છે કેઃ ''અમારા અંગમાં તમારો ભાગ છે.'' તેથી જ આપણા અહોભાગ્ય છે. જેને શ્રીજીમહારાજ મળ્યા, મહા અનાદિ મુક્તોની કૃપાનો લાભ મળ્યો, તેને તેથી અધિક કાંઈ મળવાનું રહેતું નથી. જીવને આ લોકના ફેર ચડી જાય છે ત્યારે આવી પ્રતિષ્ઠાનો આનંદ મળતો નથી.

* સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીના વચન છે કેઃ 'આ તો અનંત ભગવાનના ભગવાન છે. જીભ ઝાલી રાખીએ છીએ, જેમ છે તેમ કહીએ તો અર્ધી સભા તો ઊઠી જાય એવું સૌને ભારે પડે તેમ છે!' આપણને તો આવા ઘણા મહિમાના વચનો પડ્યા એટલે હવે ખમાય છે. આપણા ભાગ્યનો પાર ન કહેવાય, કેમ કે દેહ મૂક્યા પછીની પ્રાપ્તિનો નિર્ણય દેહ છતા કરીએ છીએ. અને મનાયું પણ એવું છે કે દેહ મૂકીને જેને પામવું હતું તે છતી દેહે મળ્યા છે.

'ભક્તચિંતામણિ'માં એક વાક્ય એવું છે કેઃ

'ભણેલા ભૂલ્યા ભગવાનને, અભણે ઓળખ્યા અવિનાશ.'

એ વચન પ્રમાણે કાશી વગેરેના પંડિતોને મહારાજ ઓળખવા દુર્લભ થયા અને માનકુવાના નાથા સુથાર જેવા ગાંડાએ ઘોડી પાવા તળાવમાં જતાં બુડાણો જાણી મહારાજે ઘોડીને લાંબો હાથ કરી ઘોડી સહિત તેને બહાર કાઢતા જોઈ, એણે રાશ ઉગામી કહ્યું : ''હું ભગવાન છું એમ કહો નહિ તો મારું છું.'' ત્યારે મહારાજે હા પાડી કે મારીશ નહીં, હું ભગવાન છું. (આ તળાવ રામપુર(કચ્છ)નજીક છે.) આ રીતે સહેજમાં તેણે ભગવાનને ઓળખી લીધા. આમ ભગવાન દુર્લભ –સુલભ છે.

* અહીં ને ત્યાં મૂર્તિ એક જ છે. મુક્તો બધા સાથે છે. આપણે એ દૃષ્ટિ રાખીએ તો મહારાજનો અભિપ્રાય સમજવામાં સુગમતા થાય. મહારાજ કહે છે કે તમે અમારી મૂર્તિ તેજમાં ધારો, તેજ એ અક્ષરધામ છે, તે રૂપ તમારા આત્માને માનો એટલે કોઈ વાતની તાણ ન રહે, પછી ભલે મુંબઈ હો કે ધનબાદ હો. શ્રીહરિ ગઢપુરમાં રહ્યા થકા સમજાવે છે કેઃ 'મારી મૂર્તિના દર્શન કરો છો એટલે તમે ધામમાં જ છો, આ ગઢડું શહેર કે ઓશરી કાંઈ દેખાતું નથી, તમો પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું.' એ રીતે આપણે મૂર્તિનો સંબંધ રાખવાનો છે. અ.મુ.સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે : ''શ્રીજીમહારાજ જેને મળ્યા તેને એક પગલું અહીં છે ને એક પગલું અક્ષરધામમાં છે.'' અ.મુ. બાપાશ્રી કહે છે કે : ''આખ્યું મીંચીને બેઠા ને મૂર્તિમાં પેઠા.'' અ.મુ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કહે છે કેઃ ''મને તો મહારાજ વિના કાંઈ દેખાતું જ નથી, પણ તમે સમજી શકતા નથી એટલે શંકા કરો છો કે તમે અમારા સાથે વાતો કરો છો તો દેખતા તો હશો જ ને! આ રીતે બહાર દૃષ્ટિથી મહારાજ તથા મોટાનો રહસ્ય સમજાતો નથી, પણ સો વર્ષે હજાર વર્ષે કે લાખ વર્ષે સમજે છૂટકો છે, આવા મહારાજના વચન છે. આપણે મહારાજ ભેળા છીએ એ સમજણ કરવી તો સદાય આનંદ વર્તે.

# અમૃત આચમન

- અ.મુ. શ્રી નારાયણમામા

(અમૃત સરિતામાંથી)

સાધના શતાબ્દી (સં. ૧૯૦૧, ઈ.સ. ૧૯૯૪)

પરમ કૃપાળુ શ્રીજીમહારાજ, બાપાશ્રી, સદ્‌ગુરુશ્રીઓ, શ્રી હરિજીવનદાસજી સ્વામી તથા ભગવાન સ્વામિનારાયણની દિવ્ય વ્યાસપીઠ ઉપર બિરાજીત આપણા સત્સંગના લાડીલા સમર્થ કથાકાર વેદાંતાચાર્ય શ્રી હરિકેશવદાસજી સ્વામીશ્રી તથા સંહિતાપાઠમાં સંહિતાપાઠ કરી રહેલા બ્રહ્મનિષ્ઠ-બ્રહ્મસ્વરૂપ સંતો તથા અન્ય પરમ પૂજ્ય વંદનીય સંતો તથા અનાદિમુક્તરાજ પરમ પૂજ્ય દિવ્યસ્વરૂપ જાદવજીબાપા તથા અત્રે ઉપસ્થિત વિદેશથી પધારેલ મહાનુભાવો, આમંત્રિત મહેમાનો અને આદરણીય-વંદનીય સત્સંગી ભાઈ-બહેનો.

આજનો વિષય તો સા...રાય જગતને માટે છે. જગતમાં જન્મેલા કોઈ પણ જીવને છેવટે મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ કરીને સમાપ્ત થવાનું છે. જીવન વિકસાવીને છેવટે અંતસમયે જો આ થઈ જાય તો જ આખું જીવન સાર્થક થયું ગણાય. બાપાશ્રીને મહારાજે આ કરવા માટે જ મોકલ્યા હતા કે બસ મૂર્તિ, મૂર્તિ, મૂર્તિ. સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરીતા, એ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં રહેવાની અનાદિમુક્તની સ્થિતિ અને ભગવાન સ્વામિનારાયણના ગૂઢ રહસ્યો ઉકેલવાને માટે બાપાશ્રીને શ્રીજીમહારાજે મોકલ્યા અને તે તેમણે બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ વડે જ કર્યું. બાપાશ્રીને કંઈ કરવાનું બાકી રહ્યું નહોતું. સ્વામિનારાયણ ભગવાને પોતાની મૂર્તિના સુખમાંથી તેમને અહીં પૃથ્વી ઉપર પ્રગટ કર્યા. તે તેમના આદર્શ તત્ત્વજ્ઞાનના ગૂઢ રહસ્યોની સમજ આપવા માટે, તેમનું દિવ્ય સર્વોપરી સ્વરૂપ સમજાવવા માટે. અહીંયા આ પૃથ્વી ઉપર સર્વ જીવોને બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ તેનું એવું મનન કરાવ્યું કે ભગવાન સ્વામિનારાયણના ઉત્તમોત્તમ વિશ્વ વ્યાપક સત્સંગની દ્રઢતા કરાવી.

સમગ્ર તત્ત્વજ્ઞાન જો સમાયેલું હોય તો બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિમાં જ છે. મૂર્તિ કોની? ભગવાન સર્વોપરી સ્વામિનારાયણની. જેણે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ રાખી એથી શું વિશેષ? કોઈ વિશેષ નથી. જપ-તપ, ધ્યાન-ધારણા બધું જ કરીએ; ત્યાગ-વૈરાગ્ય બધું જ હોય; પણ જો ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનું અનુસંધાન ન હોય, તો એનું ફળ જોઈએ તેવું ન મળે. ફળ તો મળે, પણ ભૌતિક. હવે એ તો અમથુંય મળેલું છે ને મળવાનું જ છે અને ન મળે તોય શું? છેવટે તો આ દિવ્ય સુખમાં અનંતકાળ સુધી અનંત અનાદિમુક્તો રમે છે એમાં રમવાનું છે.

અહીંયા આ દિવ્ય સભામાં પરમ કૃપાળુ પરમ દયાળુ શ્રીજીમહારાજે તેમના દિવ્ય સ્વરૂપમાં રહેનાર અનાદિમુક્તરાજ બાપાશ્રી દ્વારા સૌને મૂર્તિમાં રાખ્યા! એમણે પાત્ર-અપાત્ર જોયું નહિ! જેને ભાવ થયો, જે શરણે આવ્યા એમને મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા! જેમ ભગવાન સ્વામિનારાયણે વરદાન માગી લીધા. સૌને છેવટના આશીર્વાદ આપ્યા! તો અત્યાર સુધીના શાસ્ત્રોમાં મૂર્તિમાં રાખ્યા અને બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ એવું ભગવાન સ્વામિનારાયણ કોઈ મુક્તના મુખે બોલ્યા છે ખરા? નથી બોલ્યા. બોલ્યા છે, પણ બહુ જ મર્મમાં બોલ્યા છે કે કોઈ સમજી શક્યા નથી. ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાન સમર્થ સદ્‌ગુરુઓ ભગવાન સ્વામિનારાયણની સર્વોપરીતા ઓળખાવવા ઘણું બોલ્યા છે. બાપાશ્રી કહે છે કે બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રાખો તો બધું જ મળી જશે. બાપા એમ નથી કહેતા કે કર્મયોગ ન કરવો. બધી જ પ્રવૃત્તિ કરવાનું કહ્યું છે. તેમ બધી જ ક્રિયા કરતાં કરતાં મૂર્તિ રાખો એટલું કહ્યું છે. અને મૂર્તિ રાખો તો બધી જ પ્રવૃત્તિ સરસ થઈ જાય. એનો અભ્યાસ કરવો જોઈએ. આપણને આવા સુંદર આશીર્વાદ આપ્યા, ભગવાને હાથ પકડ્યો છે તો આપણે છોડાવશુંને તોય નહિ છોડે એવા એ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન ને અનાદિમુક્તરાજ અબજીબાપાશ્રીએ આપેલા આશીર્વાદ છે.

આ આશીર્વાદ આપણે ત્યારે જ ઝીલ્યા કહેવાય કે જ્યારે આપણે તમામ ક્રિયાઓ મૂર્તિ દ્વારા જ કરીએ. બાપાશ્રીએ એમ કહ્યું કે બાળ-અવસ્થામાંથી સીધા જ વૃદ્ધાવસ્થામાં જવું. મનુષ્ય બાળપણ, યુવાવસ્થા વટાવીને વૃદ્ધાવસ્થામાં જાય છે ત્યારે એને ભાન થાય છે કે કરવાનું હતું એ રહી ગયું અને ન કરવાનું કર્યું. મહાન સમર્થ નેપોલિયન કે જેણે જગતને સર કરવા માટે અગાધ પ્રયત્નો કર્યા એ છેવટે એમ બોલ્યો કે મેં બધું જ કર્યું, પણ અંતરનું તો કાંઈ ન કર્યું. મારું જીવન નિરર્થક ગયું. ત્યારે જુઓ, સૌને એમ ભાન થાય છે કે અંતે તો બસ મૂર્તિ,

મૂર્તિ ને મૂર્તિ એ જ કરવાનું છે. આમાં કયું તત્ત્વજ્ઞાન રહી જાય છે?

જેને મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ થયું હોય એ ભગવાનનું સ્વરૂપ કે એની વાણી કોઈ દિવસ ભૂલે? એની વાણીનું અનુકરણ ભૂલે? એ વાણી તો એને આત્મસાત થઈ જાય. ભગવાનની વાણી સાથે ભગવાનનું સ્વરૂપ બંને એકમેક થવું જોઈએ. માત્ર મૂર્તિનું સ્વરૂપ યાંત્રિક રીતે ધારીએ તો એ દિવ્ય સ્થિતિ છતે દેહે પ્રાપ્ત ન થાય. ભગવાને પોતાના માની મૂર્તિમાં રાખ્યા છે તો એ અંતે તો જરૂર પૂરું કરી દેશે, પણ જરૂર આપણને કહેશે કે મેં કહ્યું એમ કર્યું નહિ, પણ હું મારું બિરદ સમજીને તમને તેડવા આવીશ ને મારી મૂર્તિના સુખમાં રાખીશ. તો આપણે બધા આજે એવો નિશ્ચય કરીએ કે બાપાએ બસ મૂર્તિ, મૂર્તિ જ કહ્યું એવું આપણે પણ કરીએ. બાપાશ્રીને તો મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ હતી. તે તો પ્રગટ્યા પહેલાંય હતી, અનાદિકાળથી હતી. જ્યારથી શ્રીજીમહારાજ મળ્યા ત્યારથી અનાદિમુક્તો મૂર્તિમાં રહ્યા છે. મહારાજ કદીયે એકલા નથી. મહારાજ અને મુક્ત સાથે જ હોય છે. ભગવાન સ્વામિનારાયણ દાતા-નિયંતા અને તમામ અનાદિમુક્તો એમના સેવક છે. બાપાશ્રીએ આ દઢતા આપણને કરાવી. આપણે આ મહોત્સવમાં પણ ચારે કોર જે સૂત્રો મૂક્યા છે એમાં મૂર્તિ, મૂર્તિ, મૂર્તિ જ છે જુઓ. કેવું મનન કરાવી દે છે!

બાપાશ્રીએ બાળ-અવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં જવાનું કહ્યું એ આચરણથી બતાવ્યું કે જો હું આચરણ નહિ કરું તો આ શબ્દોનો સ્પર્શ નહિ થાય. બાપાશ્રી નાનપણમાં રમતો રમતા તો સૌથી પહેલા આવે અને બાળકો એમ પૂછે કે ભાઈ! આવી રમત તમે કોની પાસે શીખ્યા? તો કહે કે મહારાજ ભગવાન સ્વામિનારાયણે મને શીખવી અને એને લીધે એમને હું ભેળા રાખું છું તો બધી જ ક્રિયાઓમાં મારો પ્રથમ નંબર આવે છે. જો તમે પણ મહારાજની મૂર્તિને ભેળી રાખો તો તમે પણ મારા જેવા જ પ્રથમ થઈ જાવ. તો બાળપણથી માંડીને એમણે શું શીખવી દીધું? મહારાજની મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ. આ મૂર્તિ જો એકવાર પ્રાપ્ત થઈ જાય, એ મૂર્તિના દિવ્ય દર્શનની ઝાંખી થઈ જાય તો સારા ય જગતોના સુખ એક ક્ષણવારમાં ખારાં થઈ જાય. આપણે બધાએ આ મૂર્તિના આશીર્વાદ ઝીલ્યા છે, સૌ એ મૂર્તિનું અનુસંધાન રાખે છે, છતાં પણ આપણે મહારાજને અને બાપાશ્રીને પ્રાર્થના કરીએ કે આપણને જે શીખવ્યું તેવું નિરંતર પળેપળ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રહે.

બાપાશ્રીએ આ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રહે એટલા માટે બે ગ્રંથ આપ્યા. બાપાને મોકલનાર ભગવાન સ્વામિનારાયણ હતા. એમણે જોયું કે ભગવાન સ્વામિનારાયણની વાણી સમજાવવા માટે નહિ-ભણેલાં, ઓછું-ભણેલાં બધા જ સમજી શકે એવી ભાષા જો હું વાપરીશ તો જ આ ભગવાન સ્વામિનારાયણનું આદર્શ તત્ત્વજ્ઞાન ખૂણે પહોંચશે. વિદ્વતાથી ભરેલાં ગ્રંથો જો નહિ-ભણેલાં આપણા ભારતવાસીઓ પાસે મૂકીએ તો લેટીન ને ગ્રીક જેવું લાગે અને બાપાશ્રીની વાણી મૂકો તો પુસ્તક હેઠુંય નહિ મૂકે. વચનામૃત રહસ્યાર્થ વાંચે તો ભગવાન સ્વામિનારાયણના ગૂઢ રહસ્યો ઉકેલાય. કેટલી સરળ ભાષામાં! ભારતની તમામ લાઈબ્રેરીઓમાં બતાવો કે એકે ય પુસ્તક એવું છે કે જેમાં આટલી સરળ ભાષામાં સર્વોપરી આદર્શ તત્ત્વજ્ઞાન સમજાવ્યું હોય? નથી સમજાવ્યું.

સ્વામિનારાયણ ભગવાનનું આ આદર્શ તત્ત્વજ્ઞાન જે દિવ્યસ્વરૂપ અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીએ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ વડે સમજાવ્યું તે જો આપણે દરેકને દાસભાવે, ખૂબ વિનમ્ર થઈને, સાચી વિનમ્રતા કેળવીને, અંદરની મોટાઈ કેળવીને, મૂર્તિમાં રાખ્યા છે એવું સતત અનુસંધાન રાખીને જો અ સમજાવશું, તો દરેકને સ્પર્શ કરશે. પણ ખાલી વિદ્વતાથી કે બોલવાથી કોઈ વાત જીવને સ્પર્શ કરતી નથી. બાપાશ્રીના જીવનમાં બાપાશ્રીએ પોતાના જીવન દ્વારા બતાવ્યું કે ભાઈ! વાણી અને વર્તનનો સુમેળ હોવો જોઈએ. સાદાઈ તે માત્ર બાહ્ય સાદાઈ નહિ, બાહ્ય સાદાઈ સાથે આંતરિક સાદાઈ કેળવો. સાદાઈ શું? સ્વચ્છતા. જેમાં તમોગુણ અને રજોગુણના ભાવ નથી એ સાદાઈ. ત્યારે અંતરની સાદાઈ ક્યારે કહેવાય? કે જ્યારે અંતરના તમામ ઘાટ-સંકલ્પો અને અંતઃશત્રુઓ નાશ પામી જાય ત્યારે.

બાપાશ્રીનું સામર્થ્ય તો સહુ કોઈ જાણતું થઈ ગયું છે. પુસ્તકોમાં પણ લખ્યું છે. ભૂજના મંદિરમાં જાઓ કે વડતાલના મંદિરમાં જ્યાં જ્યાં હું જાઉં છું ત્યાં એમ કહ્યું છે કે બાપાનું સામર્થ્ય આવડું મોટું હતું. ભલે બાપાશ્રીએ સમજાવેલી વાત એમને ત્યાં પહોંચી ન હોય એવું બને. પણ સારુંયે જગત બસ મૂર્તિ, મૂર્તિ અને મૂર્તિ જ કરશે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે હજી તો પાંદડે પાંદડે ભજન થશે સ્વામિનારાયણ ભગવાનનું. બાપાશ્રીએ કહ્યું કે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ, મૂર્તિ, મૂર્તિ જ દરેકના હૃદયમાં થશે ત્યારે બધા ખરી શાંતિ પામશે.

અને આપણે આ મૂર્તિ, મૂર્તિ અને મૂર્તિ વડે જ સુખિયા છીએ.

તેમાં જુઓને વિદેશથી લાખો રૂપિયા ખર્ચીને આ મહામુક્તો અહીં લાભ લેવા પધાર્યા. નહિતર આવી શકાય? બાવીસ-બાવીસ કલાકની મુસાફરી. ધન્યવાદ છે એ વિદેશી મહાનુભાવોને. અરે ! ગામડાના હરિભક્તો જેને માન-અપમાનની કોઈ પડી નથી અને જેને દિવ્ય સુખ જ જોઈએ છે એને સૌથી પ્રથમ ધન્યવાદ અને અભિનંદન ઘટે છે, અને મસ્તક નમી પડે છે. જુઓ, એ ધૂળમાં પણ સૂઈ રહે, ગમે ત્યાં સૂઈ રહે, એને કોઈ બોલાવે કે ન બોલાવે. એ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિનું પદ અંતરમાં ઝીલવા માટે પધાર્યા છે. એમ બીજા જે મુક્તો છે એ પણ આ જ દૃષ્ટિથી પધાર્યા છે. એમના હૈયામાં પણ ભગવાન સ્વામિનારાયણની જ મૂર્તિ છે. અહીંયા સૌ એકાંતિક બ્રહ્મનિષ્ઠ સંતો છે એમાં પણ સાક્ષાત્ ભગવાન બિરાજે છે.

મૂર્તિ ઉપર તો હજી કલાક બોલી શકાય તોય ઓછું. એનો મનન ને નિદિધ્યાસ કરીને વિરામ કરીએ. આપણને બધાયને મહારાજે મૂર્તિમાં રાખ્યા છે એ હકીકત છે. એવો દિવ્ય ભાવ જેણે સત્સંગને ને ભગવાન સ્વામિનારાયણને ઓળખ્યા હોય એને વિષે તો થવો જોઈએ ને? ભલે એમને સ્થિતિ ન હોય. કલ્યાણ તો ભગવાન સ્વામિનારાયણને કરવાનું છે તે એ જરૂર કરશે. એના શરણે આવ્યા એને, જેનો હાથ ઝાલ્યો એને એ મૂકવાના છે? બધાયને એક સરખા સુખમાં રાખી અને આનંદ-કિલ્લોલ કરાવશે. આપણે બધાએ બાપાશ્રીનો જે આદેશ ઝીલ્યો છે એ સર્વત્ર ફેલાવાનું કામ કરવાનું. ખૂણે ખૂણે પહોંચી જઈએ. મહારાજના વખતમાં એકેએક જણને નિયમ આપવામાં આવ્યું હતું કે તમારે પાંચ જણને વર્તમાનની દીક્ષા આપવી. તો આપણે પાંચ જણ ન શોધી શકીએ કે જેને બાપાશ્રીનું જ્ઞાન હૈયામાં ઊતરી જાય? આપણે એવા જ બળીયા છીએ. તો શા માટે બાપાશ્રીની વાણી બીજાને પહોંચે એવું ન કરવું? આટલું બોલી અને આ દિવ્ય સભા, સ્વામિનારાયણ ભગવાન, બાપાશ્રી, અહીં બિરાજેલા બ્રહ્મનિષ્ઠ સંતો, અત્યારે પ્રત્યક્ષ બિરાજીત દિવ્યસ્વરૂપ જાદવજીબાપા - એમને જોઈને પણ આપણે કહી શકીએ કે એ કેવી દિવ્ય સ્થિતિમાં રમે છે-, તથા આ બધી દિવ્ય સભાનો રાજીપો ઈચ્છીને અને બાપાશ્રીનો આ સંદેશ બસ મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ એવું અખંડ વર્તે એવા રૂડા આશીર્વાદ યાચી વિરમું છું.

પ્રો. જાદવજીભાઈ પટેલ - વિદ્યાનગર

# માધુકરી

**કારીયાણી - ૧૨ મું.**

જેને ભગવાનને વિષે દૃઢ પ્રીતિ છે, અને ભગવાનને અખંડ સંબંધે રહિત જે માયિક પંચવિષય તેને હરામ કરી નાખ્યા છે, અને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સાથે દૃઢપણે જોડાણો છે, તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળીજ જાય છે, ને જેમ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી તેમજ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી. અને એ ભક્તના હૃદયમાંથી આંખનું મટકુ ભરીએ એટલી વાર છેટે રહેતા નથી.

**લોયા - ૨ વચનામૃત**

સર્વના કારણ એવા જે શ્રી પુરુષોત્તમ નારાયણ તે તો ઋષિરૂપે મનુષ્ય જેવડા છે, તો પણ અનંતકોટિ બ્રહ્માંડના કારણ છે. અને સર્વના કારણરૂપ એવા ભગવાન તે મનુષ્ય જેવા છે, તો પણ પોતાના અંગમાંથી યોગકળાએ કરીને અનંતકોટી બ્રહ્માંડને ઉત્પન્ન કરવાને સમર્થ છે, ને પાછા પોતાને વિષે લય કરવાને સમર્થ છે. ભગવાનના એક એક રોમમાં અનંતકોટિ બ્રહ્માંડ અણુની પેઠે રહ્યા છે. ભગવાન મનુષ્ય જેવા જણાય છે તો પણ ભગવાન સર્વના કારણ છે અને સર્વના કર્તા છે ને સમર્થ છે.

**લોયા - ૪**

ભગવાન પોતે પોતાના અક્ષરધામને વિષે સદા વિરાજમાન છે અને મૂળ માયામાંથી ઉપજયા છે અનંતકોટિ પ્રધાનપુરુષ તે થકી કોટિ બ્રહ્માંડ ઉપજે છે. પછી તે ભગવાન પોતાના અક્ષરધામમાં એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને અનંતકોટિ બ્રહ્માંડને વિષે અનંતરૂપે દેખાય છે.

ભગવાનની મૂર્તિ તો સદા એક સરખી છે, તો પણ ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેવી દેખાડી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે. અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે. અને પોતે તો સદા દ્વિભુજ છે. અને સદા એક રૂપે જ વિરાજમાન રહે છે... શ્રધ્ધા અનંત પ્રકારની છે, તેને યોગે કરીને કલ્યાણના માર્ગમાં અનંત ભેદ થયા છે, અને વસ્તુગતે તો કલ્યાણનો માર્ગ એક જ છે. અને ભગવાનનું સ્વરૂપ પણ એક જ છે. ને તે ભગવાન અતિ સમર્થ છે, ને તે જેવો થવાને કાજે અક્ષર પર્યંત કોઈ સમર્થ થાતો નથી. એ સિધ્ધાંત છે.

આ રસથાળમાં ભક્ત અને ભગવાનની અખંડ એકતાની વાત તથા ભગવાન મનુષ્યભાવે અને દિવ્યભાવે સ્વરૂપ નિષ્ઠાની પ્રસાદ મળેલ છે.

– પ.ભ.રમેશભાઈ ભગવાનદાસ સોની (વડોદરા)

# દિવ્યભાવ

એકવાર એક મુમુક્ષુએ એકાંતમાં આપણાં જીવનપ્રાણ અબજીબાપાશ્રીને પૂછ્યુંઃ 'બાપા, હું વર્ષોથી ધ્યાન ધારણા કરું છું પણ મને તો હજી સુધી સ્વપ્નમાં પણ મહારાજની મૂર્તિના સુખની અનુભૂતિ થઈ નથી, તો એ માટે શું કરવું જોઈએ?' આ સાંભળીને બાપાશ્રીએ હસીને કહ્યુંઃ 'બચ્ચા, એક વાત ખાસ ધ્યાનમાં રાખ કે સાધને કરીને કયારેય મૂર્તિની પ્રાપ્તિ ન થાય. મહાપ્રભુજીના લાડીલા અનાદિ મુક્ત મળ્યા વિના જીવ કોટિ ઉપાય કરે તો પણ મૂર્તિ ના મળે ! કારણ કે એકલા સાધનવાળા તો સત્સંગને દિવ્ય ન જાણી શકતાં લૂખ્ખા ને લૂખ્ખા જ રહે છે. એ તો જયારે મોટા અનાદિનો જોગ કરીને કાર્ય અને કારણ એ બન્ને પ્રકારના સત્સંગને ઓળખે ત્યારે એને સઘળોય સત્સંગ દિવ્ય જણાય ને આત્યંતિક કલ્યાણ પણ ત્યારે જ થાય ! એ વિના શુષ્કપણું મટે નહિ. મોટા મુક્તની દયા થાય તો ત્રણેય અવસ્થાનાં મૂર્તિ મૂર્તિ ને મૂર્તિ જ દેખાય અને મૂર્તિનો સંબંધ પણ ત્યારે જ થયો કહેવાય.'

સત્સંગમાં દિવ્યભાવ એ કારણ સત્સંગની પહેલી શરત છે, એના વિના મુમુક્ષુના અંતરમાં કરાણ સત્સંગની દિવ્ય ઘટના ઘટિત થતી નથી. આ દિવ્યભાવ એટલે શું? એના તત્ત્વજ્ઞાનનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે પહેલાં આપણે કારણ સત્સંગના બે મહત્ત્વપૂર્ણ પારિભાષિક શબ્દો અવરભાવ અને પરભાવની વાસ્તવિક વ્યાખ્યા સમજીએ.

આ ભૌતિક જગતમાં સ્થૂળ ભૂમિકા ઉપર (on physical plane) જે કાંઈ ઘટનાઓ આપણે નરી આંખે નિહાળીએ છીએ એની શારીરિક અને માનસિક અનુભૂતિને અવરભાવ કહે છે. (The mere experience of watching whatever happens on physical Plane in this physical world is called Avarbhav.) વ્યવહારિક જગતના સર્વ વ્યાપારો અવરભાવ છે, પછી ભલે એ વ્યવહારે સાંસારિક હોય કે ધાર્મિક હોય ! આ દશ્ય જગતની પેલી પાર સૂક્ષ્મ (Subtle) આધ્યાત્મિક જગત (Spiritual world) આવેલું છે. આધ્યાત્મિક જગતની જે ચેતના છે તે સ્થૂળ જગતના સર્વ વ્યાપારોનું મૂળભૂત કારણ છે. તે સ્થૂળ દૃષ્ટિથી જોઈ શકાતી નથી પરંતુ આત્મચેતના દ્વારા અનુભવી જરૂર શકાય છે. આ આંતરિક અનુભૂતિને પરભાવ કહેવામાં આવે છે. (The inner most experience of feeling whatever happens on spiritual plane which can not be perceived by our senses is called parbhav.)

આપણે એક વાત ખાસ સમજી રાખવાની જરૂર છે કે અવરભાવના શૂન્યાવકાશમાંથી જ પરભાવનું સર્જન થાય છે. પરભાવમાં ગતિ થયા પછી આંખ તો અવરભાવની એની એજ રહે છે, આપણી આજુબાજુનું વાતાવરણ અને વ્યક્તિઓ પણ એના એજ રહે છે, પરંતુ આપણી દૃષ્ટિ બદલાઈ જાય છે, આપણી સમજણ બદલાઈ જાય છે, આપણું Perception બદલાઈ જાય છે ત્યારે આપણને જે દેખાય છે, જે સમજાય છે, જે અનુભવાય છે તેમાં આ સ્થૂળ જગતની માયિક અપૂર્ણતાઓ નથી હોતી, દેહભાવના દોષ નથી હોતા, માયાના મલિન વિકારો નથી હોતા, પરંતુ હોય છે માત્ર નિતાંત સૌંદર્ય અને નિર્ગુણ આનંદની દિવ્ય અનુભૂતિ એનેજ પરભાવ કહે છે !

દિવ્યભાવમાં પરભાવ એ પાયાનું તત્ત્વ છે. સત્સંગમાં દિવ્યભાવ કેળવવા માટે વ્યક્તિ, વિચાર અને સ્થળ માટેની આપણી રૂઢિગત અવરભાવની સમજણ ટાળી ને પરભાવની સમ્યક્ સમજણ કેળવવી અત્યંત આવશ્યક છે. દિવ્યભાવ દઢ કરવા માટે સૌથી પહેલાં તો આપણે આપણાં પોતાના વિષેનો મનુષ્યભાવ અંગેનો અવરભાવ દૂર કરીને બ્રહ્મભાવ અંગેનો પરભાવ દઢ કરવાનો છે. હું દેહ નહીં, આત્મા છું – બ્રહ્મ છું – અનાદિ મુક્ત છું અને મહારાજે મને મૂર્તિરૂપ કરીને પોતાની મૂર્તિમાં રાખ્યો છે, મહારાજ જ છે ! આ પ્રકારની સમજણને આત્મસાત્ કરીને રોજિંદા જીવનમાં (routine life) પણ આ Conviction સાથે જ જીવવાનું છે. આધુનિક વિજ્ઞાન આ પ્રકારની understandingને Positive Attitude કહે છે. અવરભાવમાં આપણા શરીરમાં, સ્વભાવમાં, વિચારોમાં જે કાંઈ ત્રૂટિઓ કે દોષો દેખાય છે તે આ નશ્વર શરીરનાં છે, આપણાં ચૈતન્યના નથી. તેને ટાળવાના જરૂર છે, પરંતુ સાક્ષીભાવમાં રહીને એ દોષરૂપ પોતાને માનવાની જરૂર નથી.

બીજો અવરભાવ ટાળવાનો છે– પરાત્પર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને એમના અનાદિમુક્તો વિષે શ્રીજીમહારાજ સંવત ૧૮૩૭માં આ બ્રહ્માંડમાં પ્રગટ થયા અને ૧૮૮૬માં અંતર્ધ્યાન થયા અને હવે મંદિરોમાં પ્રતિમારૂપે દર્શન આપે છે, એ અવરભાવ ટાળીને શ્રીજીમહારાજ સદાય દિવ્ય તેજોમય સ્વરૂપ છે અને એમને આવવા-જવાનો, મનુષ્યપણાનો કે પ્રતિમાપણાનો એવો કોઈ ભાવ નથી. એ પ્રકારની પરભાવની દૃષ્ટિ કેળવવાની છે. એજ રીતે અનાદિમુક્તો પણ અવરભાવમાં દેખાય છે. સામાન્ય મનુષ્યો જેવા, પરંતુ એ દેખાતો અવરભાવ એમનું વાસ્તવિક સ્વરૂપ નથી. અનાદિ મુક્તો તો અખંડ મહારાજની મૂર્તિમાં મૂર્તિના સુખમાં રસબસ જ રહે છે, તેમના સંપૂર્ણ કર્તા મહારાજ જ છે. પરભાવની દૃષ્ટિએ મોટા પુરુષોમાં મહારાજના દર્શન કરીએ તો જ એમનામાં આત્મબુદ્ધિ થાય, એમના ચારિત્રોમાં

ક્યારેય તર્ક-કુતર્ક કે સંશય ન થાય, ક્યારેય એમનાથી મન નોખું ન પડે અને સદાય એમનામાં દિવ્યભાવ જળવાઈ રહે.

ત્રીજો અવરભાવ ટાળવાનો છે સત્સંગમાં રહેલા સર્વે સંતોને હરિભક્તો વિષે એ બધાં જ માટે પણ એવો દિવ્યભાવ રાખવાનો છે કે આ બધાં મુક્તો દ્વારા શ્રીજીમહારાજ જ દર્શન આપી રહ્યા છે. અવરભાવમાં આ બધાં દેખાય છે જગતના અન્ય સામાન્ય જીવો જેવાં, પરંતુ કારણ સત્સંગની સમજણ કેળવવાથી મહારાજે તે સહુનાં ચૈતન્યને મૂર્તિરૂપ કરીને પોતાની મૂર્તિમાં રાખ્યાં છે. આ વાતનું પ્રત્યક્ષ પ્રમાણ શ્રીજીમહારાજે ગ.અં.બીજા વચનામૃતમાં સંતસભાના સમ ખાઈને આપ્યું છેઃ 'જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક-વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદ્રિકાશ્રમને વિષે સભા છે તેથી પણ અધિક હું આ સત્સંગીની સભાને જાણું છું અને સર્વ હરિભક્તને અતિશે પ્રકાશેયુક્ત દેખું છું. એમાં લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે.'

શ્રીજીમહારાજ તથા સમસ્ત સત્સંગમાં દિવ્યભાવ રાખવાથી કેટલો લાભ થાય છે તે હવે આપણે વિવિધ વચનામૃતોને આધારે જોઈએ.

- ભગવાન અને મોટા સંતને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે. (વ.પ્ર. ૨૪,૫૮)
- જે ભગવાનને નિર્દોષ જાણે તેજ માયાને તરે છે. (વ.લો. ૪અને વ.૫)
- ભગવાનનાં પ્રાકૃત ચરિત્રોમાં દિવ્યભાવ રાખવો એ જ ભક્તિ છે, આવી ભક્તિ કરનાર જ ભક્ત કહેવાય અને તે જ પરમપદને પામે છે. (વ.મ.૧૦)
- સત્સંગમાં દિવ્યભાવ રાખવાથી પંચવિષય કે કામાદિક સ્વભાવ જીત્યામાં પ્રયાસ ન કરવો પડે, સહેજે જિતાઈ જાય. (વ.મ.૧૩)
- ભગવાનને જે અજર-અમર સમજે તે કર્મ-ચોરાસી થકી મુકાઈ જાય છે. (વ.અ.૫)

હવે દિવ્યભાવ ન સમજવાથી મુમુક્ષુના આધ્યાત્મિક જીવનમાં શું ખોટ આવે છે તે જોઈએઃ

- જે દિવ્યભાવ ન સમજે તેને વાતે વાતે ધોખો થાય, ગુણ-અવગુણ પરકયા કરે ને અંતર દિવસે દિવસે પાછું પડે અને અંતે વિમુખ થાય. (વ.લો.૧૮)
- ભગવાનના સ્વરૂપને સમજવામાં કોઈ રીતની કસર રહી જાય તો કોઈ રીતે વાંધો ભાગેં નહિ. (વ.મ.૧૩)
- જેને ભગવાનને જાણ્યામાં સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા બ્રહ્મચારી હોય, મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે. (વ.પ.૭)
- ભગવાનને વિષે જે દોષબુધ્ધિ કરશે તેને ભૂંડા ઘાટ થશે ને તેને દેહ મૂક્યા સમે બહુ કષ્ટ થશે. (વ.મ.૩૩)
- સત્સંગમાં દિવ્યભાવ ન હોય તો અંતર હંમેશા લૂખ્ખુને લૂખ્ખું જ રહે અને એનું આત્યંતિક કલ્યાણ ન થાય. (અબજીબાપાશ્રી)

શ્રીજીમહારાજ અને બાપાશ્રીએ કૃપા કરીને આપણને કારણ સત્સંગનું દિવ્યજ્ઞાન આપીને કૃતાર્થ કર્યા છે, છતાં પણ મૂર્તિનું સુખ અનુભવાતું નથી ને દેહના દોષ ટળતા નથી. એનું કારણ શું છે? એનું કારણ સમજાવતા શ્રીજીમહારાજ કહે છેઃ 'અમારું ધામ સર્વોપરી છે અને અમારા સર્વે હરિભક્તો તેના નિવાસી છે, આવું જે સમજે તેને ક્યારેય માન આવતું નથી મારા હરિભક્તોને જે આ લોકના જીવ જેવા સમજે છે તેના હૃદયમાં કામ, ક્રોધ, લોભના પૂર આવ્યા કરે છે. હરિભક્તોમાં પણ પરસ્પર અભાવ આવે છે. તેનું કારણ દિવ્યભાવનો અભાવ છે. સંતો, બાઈ-ભાઈ, બ્રહ્મચારી, પાર્ષદો એ સર્વેને જયાં સુધી એક બીજા પ્રત્યે મનુષ્યભાવ (પ્રાકૃતભાવ) હશે ત્યાં સુધી સત્સંગ કરવા છતાં સુખ નહિ આવે.' (શ્રી હરિચારિત્રામૃત સાગર, પુર-૧૧, તરંગ-૮૭)

ઉત્તર ગુજરાતના એક ગામના હરિમંદિરમાં પૂજારી તરીકે એક પાર્ષદ રહેતા હતા. તેઓ વચનામૃતના અઠંગ અભ્યાસી હતા. બાપાશ્રીની રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહિતના બસો તોંતેર વચનામૃતો તેમને કંઠસ્થ હતા. કારણ સત્સંગના જ્ઞાનના પ્રકાંડ પંડિત હોવા છતાં તેમનામાં દેહભાવ ટળીને બ્રહ્મભાવ કે મુક્તભાવ કેળવાયો ન હોવાથી સમસ્ત સત્સંગ પ્રત્યે દિવ્યભાવ નહોતો જન્મ્યો, પરિણામે તેમને કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા જેવા અંતઃશત્રુઓ ખૂબ પીડતા હતા. તેમનો અહંભાવ (Ego) જયારે ઘવાતો ત્યારે મોટા મોટા મુક્તોનો પણ અભાવ, અવગુણ અને દ્રોહ કરવાનું તેઓ ચૂકતા નહોતા. અંતે જતા તેઓ સત્સંગમાંથી વિમુખ થઈને સંસારમાં પાછા ફર્યા હતા.

શ્રીજીમહારાજે ગ.પ્ર.૫૯માં વચનામૃતમાં કહ્યું છે કે, 'સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેમની દષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહીં' અર્થાત્ શ્રીજીમહારાજ કૃપા કરીને જે મુક્તને પોતાની સાથે એકાત્મતા કરાવે છે એ મુક્તના અંગેઅંગમાં ક્રિયાના કરનારા શ્રીહરિજી થાય છે. જયારે એ મુક્ત શ્રીજીમહારાજના દર્શન કરે છે ત્યારે શ્રીજીમહારાજ મુક્તમાં રહ્યા થકા પોતે જ પોતાને જોવે છે અને એ મુક્તને તો પુરુષોત્તમ વિના કાંઈજ ભાસતું નથી. જયારે આ લટક પ્રમાણે વર્તાય તો પોતાના વિષે પુરુષોત્તમરૂપની ભાવના દૃઢ થાય. પરિણામે અવરભાવ વિસરાતો જાય અને પરભાવ પ્રત્યે પ્રયાણ થાય. જયારે દેહદૃષ્ટિ ટળતી જાય અને પુરુષોત્તમરૂપની દૃષ્ટિ કેળવાતી જાય ત્યારે સત્સંગમાં અત્ર-તત્ર-સર્વત્ર પુરુષોત્તમનાં જ દર્શન થાય અને એને જ દિવ્યભાવ કહે છે !

-રમણભાઈ ગજ્જર, ભુજ

# જીવનમૂલ્ય

**''ભારતીય સંસ્કૃતિમાં કારણ સત્સંગ''**

આપણે આપણી સભ્યતા-સંસ્કૃતિની ઓળખાણ આપતાં ગૌરવપૂર્વક કહીએ છીએ કે, અમારી સંસ્કૃતિ સનાતન સંસ્કૃતિ છે. તે વેદકાલીન આર્ય સંસ્કૃતિ તરીકે પણ ઓળખાય છે. ઘણા તેને ભારતીય સંસ્કૃતિ તરીકે પણ ઓળખે છે. તો ઘણા હિન્દુ સંસ્કૃતિ પણ કહે છે.

હજારો વર્ષોથી આ સંસ્કૃતિ કાળની પ્રચંડ થપાટો ખાધા પછી પણ આજે અડીખમ ઊભી રહી છે. આ ધરતી ઉપર આજ દિન લગી વીસ-બાવીસ સંસ્કૃતિઓ ઉદ્‌ભવી અને સમયના પ્રવાહમાં વિલિન થઈ ગઈ છે.

હિંદુ સંસ્કૃતિ- સભ્યતા, હિન્દુ સમાજ ટકી રહ્યો છે. કારણકે સમયે સમયે આ સંસ્કૃતિના સંરક્ષણ સંવર્ધન માટે સંતો, મહંતો, આચાર્યો, સત્પુરુષો અને અવતારી પુરુષોએ તેનું પોત પોતાની આગવી રીતે જતન કર્યું છે.

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પ્રાતઃ સ્મરણીય અબજી બાપાશ્રીએ પણ આ સંસ્કૃતિના સંવર્ધન માટે પોતાનો સૂર પુરાવ્યો હતો. તેના લીધે તો આજે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયે વિશ્વ ફલક ઉપર પોતાની ધર્મધજા લહેરાવી છે. જેનું આપણા હૈયે ગૌરવ છે.

ભારતીય સંસ્કૃતિની વિચારધારામાં કેન્દ્રમાં માનવી રહેલો છે. આપણી આ સંસ્કૃતિનું એક આગવું પુષ્પ એટલે આપણો શ્રી સ્વામિનારાયણ ધર્મ-સંપ્રદાય. જેના પાયામાં સ્વાર્થ નહિ પરમાર્થ છે. તેમાં દુરાચારને નહિ પણ સદાચારને પ્રાધાન્ય અપાયેલું છે. અહીં સમાજ-સંગઠનને પ્રાથમિકતા અપાયેલી છે.

''સર્વે સુખિનઃ ભવન્તુ'' અને ''વસુધૈવ કુટુંબકમ્'' જેવા ઉદાર માનવતાવાદી સિદ્ધાંતો પર આ સંસ્કૃતિ સંપ્રદાયની રચના થયેલી છે. અહીં સંકુચિતતાની વાડાબંધી નહિ પણ લોકકલ્યાણ-વિશ્વકલ્યાણ અને પ્રાણી માત્રનું કલ્યાણ કરવાની ભાવના દૃષ્ટિગોચર થાય છે. અહીં અત્ર..તત્ર..અને સર્વત્ર નાસ્તિકતા નહિ પણ આસ્તિકતા જોવા મળે છે. જ્યાં જુઓ ત્યાં માનવીના સર્વાંગી વિકાસની તકો ઊભી કરવામાં જ ભારતીય વિચારધારા સમગ્ર જગતમાં પ્રથમ ક્રમે પોતાનું સ્થાન અંકિત કરે છે. જે આપણા સૌના માટે ગૌરવપ્રદ બાબત છે.

જીવો અને જીવવા દો, ખાવ અને ખાવા દો, ચારે દિશાઓમાંથી અમને શુભ વિચાર પ્રાપ્ત થાઓ. આવા માનવતાવાદી દિવ્ય સંદેશાઓના તરંગો આ સંસ્કૃતિએ ભૂતકાળમાં વહેતા કર્યા હતા...વર્તમાનકાળે પણ વહેતા કરે છે... અને ભવિષ્યમાં પણ વહેતા કરશે. તેટલું જ નહિ પણ માનવ હૃદયમાં તેનું આરોપણ કરવાનું તે ચૂકતી નથી. જેનો ઉલ્લેખ કર્યા વિના ચાલે નહિ.

સમાજના છેવાડાનાં માનવીને પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભકિતના ઉત્તમ પાઠો ભણાવીને ભગવાન શ્રી સ્વામિનારાયણે તે સૌને ઉત્કર્ષનો માર્ગ ચિંધ્યો હતો. જેની નોંધ બ્રિટિશ સલ્તનતને પણ લેવી પડી હતી. જે ભારતીય સંસ્કૃતિના ઈતિહાસનું સુવર્ણ પૃષ્ઠ છે.

માનવીના અસ્તિત્વને પડકારતી નાની મોટી મૂંઝવણોના ઉકેલ આપીને અબજીબાપાશ્રીએ સત્સંગ સમુદાયની અણમોલ સેવા કરી હતી, જેના કારણે આજે કારણ-સત્સંગની ઉત્તમ વિચારધારા...ભારતીય સંસ્કૃતિ રૂપી નદીના પ્રવાહમાં વહી રહી છે. અને દેશના સિમાડાઓ વટાવીને આંતરરાષ્ટ્રીય સ્તરે આ વિચારધારાએ પોતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે. જે જોઈને આપણી છાતી આજે ગજગજ ફુલે છે.

પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ - ભુજ (કચ્છ)

# શ્રી સહજાનંદ સ્વામીનું તત્ત્વજ્ઞાન અને શ્રી સ્વામિનારાયણીય જ્ઞાનમાર્ગ

સામાન્ય રીતે કોઈપણ સંપ્રદાય તે ધર્મના તુલનાત્મક અભ્યાસ માટે તથા કોઈપણ ધર્મ અને સંપ્રદાયના અનુયાયીઓ માટે સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન તેમજ જ્ઞાનમાર્ગની જાણકારી કે પછી અભ્યાસ આવશ્યક બાબત છે. કેટલાક રહસ્યવાદીઓ તેમજ નાસ્તિકો ભગવાનના અસ્તિત્વને કપોળ કલ્પિત માનીને પડકારે તો પછી સંપ્રદાય, ધર્મ આદિને પડકારે તેમાં આશ્ચર્ય જ નથી.

આપણા વેદ, પુરાણો, ભગવદ્‌ગીતા આદિ ધર્મશાસ્ત્રો પરમાત્માના અસ્તિત્વના અતિ મહત્વના પ્રમાણો છે. જેની કથા પારાયણો દેશવિદેશમાં અસંખ્યાત શ્રદ્ધાવાન મુમુક્ષુજનો સાંભળે છે. જેની સંખ્યા ઉત્તરોત્તર વધી રહી છે. આવી કથા-પારાયણોમાં કુતુહલતાથી આવતા નાસ્તિકો, અશ્રદ્ધાળુઓ પણ જયારે કથાનું રસપાન કરે છે ત્યારે તેઓનાં હૃદયમાં શ્રદ્ધાના, આસ્થાના, ભકિતના બીજ આરોપાઈ જાય છે.

જ્યારે જ્યારે જગતમાં અધર્મ અને અત્યંત અંધાધુંધી ફેલાય છે ત્યારે ધર્મના સ્થાપન અર્થે, શ્રદ્ધાવાનોના રક્ષણાર્થે પ્રભુ, જીવના આત્યંતિક કલ્યાણ અર્થે મનુષ્ય અવતાર ધરે છે. એ સમયે મનુષ્યના જેવી જ તમામ ચેષ્ટાઓ સ્વાભાવિક રીતે જ ભગવાન કરતા રહે છે. જેથી જીવોને સુવાણ થાય. રામ-કૃષ્ણ આદિકની મનુષ્યલીલાઓથી આજે તો કોઈ ભાગ્યે જ અજાણ હશે.

છપૈયા મધ્યે ધર્મદેવ અને ભકિતમાતાના સંતાન તરીકે સંવત ૧૮૩૭, તા.૨-૪-૧૭૮૧ના ચૈત્ર સુદ-૯ સોમવારના રાત્રે ૧૦ કલાકે ૧૦ મીનીટે શ્રીહરિનું પ્રાગટ્ય થયું. જેને આજ ૨૩૪ વર્ષ થયા. જ્યારે ગઢડા મધ્યે સંવત ૧૮૮૬ ઈ.સ. ૧૮૩૦ જેઠ સુદ-૧૦ મંગળવારે સ્વધામ સીધાવ્યા. જેને ૧૮૫ વર્ષ થયા. શ્રી સ્વામિનારાયણ ધર્મમાં ઊંડા રહસ્ય વિષે, પુષ્ટિ માર્ગ કે અન્ય વૈષ્ણવ સંપ્રદાયના એક ફાંટા વિષે, સંપ્રદાયના સ્વતંત્ર મત વિષે, આ સંપ્રદાય વિષેના અજ્ઞાનથી કેટલાક ચિંતકોએ પોતાના આક્ષેપાત્મક મત રજુ કરેલા. કિન્તુ કાળક્રમે આ સંપ્રદાય પ્રત્યે તેમની સમજદારી વધતી રહી. યથાર્થતા તેમને સમજાઈ.

શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગીજીવન, સત્સંગીભૂષણ આદિ ગ્રંથોમાંથી સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન અને જ્ઞાનમાર્ગ સહેલાઈથી જાણી માણી શકાય છે. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ અને મુક્તિ કે મોક્ષ વિષે આ સત્‌શાસ્ત્રો, સદ્‌ગ્રંથોમાંથી અલૌકિક તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત મુક્તાનંદ, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ, ગોપાળાનંદ, આધારાનંદ આદિ નંદ સંતોની કાવ્યકૃતિઓ અને તેમણે રચેલી સાહિત્યકૃતિઓમાંથી જ્ઞાનવાર્તા, તત્ત્વજ્ઞાન અવશ્ય પ્રાપ્ત થાય છે. પ્રેમાનંદ, નિત્યાનંદ સ્વામીનો ફાળો પણ અમૂલ્ય છે.

'જીવ' વિષે સમજાવાયું છે કે, ''સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહોમાં વ્યાપી રહેલી સત્તા માત્ર ચૈતન્ય વસ્તુ તે 'જીવ' છે. એ વિશેષ કરીને હૃદયમાં રહેલો છે. સામાન્ય પણે આખા એટલે સમગ્ર દેહમાં વ્યાપેલ છે. પ્રલય કાળે પ્રધાન પ્રકૃતિમાં લીન રહેલો જીવ, ઉત્પત્તિકાળે પોતપોતાના કર્મ અનુસાર દેહ ધારણ કરે છે. જીવ અણુ જેટલો સુક્ષ્મ, ચિદ્રુપ, જ્ઞાતા છે અને જ્ઞાન શકિતએ કરીને સમગ્ર દેહમાં વ્યાપેલો છે. ગઢડા પ્રથમના ૧૪મા વચનામૃતમાં શ્રીહરિએ વર્ણવ્યું છે કે, ''જે જીવ પોતાને બ્રહ્મરૂપ માનીને પોતે સાકાર, દિવ્યસ્વરૂપ પરબ્રહ્મની ઉપાસના કરે છે. તે મુક્ત થયા પછી પરમાત્માના સાધર્મ્યપણાને પામે છે. તેનુ ભાગવતી તનુ બંધાય છે. ભગવાનને નિરાકાર જાણનાર બ્રહ્મસુષુપ્તિને વિષે લીન થાય છે.''

પરમાત્માનો આકાર કે દેહ માનવદેહધારીઓ જેવો રૂધિર, માંસ, હાંડકા ધરાવતો નથી. કિન્તુ દિવ્યદેહ સ્ફટિક સમ છે. તે દેહ માયિક કદાપિ નથી.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં પરમાત્માની દ્વિભુજ મૂર્તિની ઉપાસના છે. બહુભુજપણે જણાવું એ તો તેમની વિભૂતિ છે. પરમાત્માની મૂર્તિ ઘનશ્યામ છે. કિન્તુ અતિશય તેજોમય હોવાથી તે શ્યામ નથી ભાસતી. સર્વેના નિયંતા, ફળપ્રદાતા પરમાત્મા જ છે. એટલે એના જેવું કોઈ છે જ નહિ અને થશે પણ નહિ. થઈ શકે પણ નહિ.

અક્ષર અથવા બ્રહ્મ એ પરમાત્માનું નિવાસ સ્થાન છે. જેને અક્ષરધામ કહે છે. તે કોટી કોટી સૂર્યના પ્રકાશ જેવું પ્રકાશમાન તેજાયમાન છે. તે દિવ્ય અને શ્વેત છે. સચ્ચિદાનંદ રૂપ છે. જે સર્વ બ્રહ્માંડોમાં વ્યાપીને રહ્યું છે. પરબ્રહ્મ અને બ્રહ્મ બન્ને આદિ તથા અંત રહિત છે.

''માયા'' એ ત્રીજા અનાદિ તત્વ છે. માયા આત્યંતિક પ્રલયકાળે બ્રહ્મમાં લીન રહે છે. ઉત્પત્તિકાળે પરમાત્માની ઈચ્છાથી બ્રહ્મ, પુરૂષરૂપે થઈને પોતાનામાંથી માયાને ઉપજાવે છે. આ માયાને પ્રકૃતિ કે મૂળ માયા પણ કહે છે.

બ્રહ્મદશાને પામી પરબ્રહ્મની સેવા કરવી એને જ ઉદ્ધવ સંપ્રદાયમાં મુકિત માની છે. આમ મુક્તો અનેક છે. પરમાત્માની અનેક શકિતઓ, સામર્થ્ય, ઐશ્વર્યો મુકતો મેળવી લે છે, છતાં પરમાત્માની શકિતઓ તો અપાર છે.

અક્ષરધામમાં પણ સ્વામીસેવકભાવે મુક્તો ભગવાનને આશ્રયે રહી, ભકિત કરતા જ રહી કલ્પાનાતિત દિવ્ય, આધ્યાત્મિક, અખંડ સુખમાં અવિરત સુખિયા રહે છે. જેમાં એક વખત એક ક્ષણ પણ આપણી દૃષ્ટિ પહોંચી જાય તો આ સંસારના માયાના સુખો આપણને ઝેર જેવાં લાગે. એમાં કોઈ શંકા જ નથી.

ગઢડા મધ્યના ૧૩મા વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું કે,'' આજે અમે તમને વાત કરી, તે સર્વે શાસ્ત્રોનો સિદ્ધાંત છે. ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે. અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે. ને જો પ્રત્યક્ષ જોઈને ન કહી હોય, તો અમને સર્વે પરમ હંસના સમ છે.''

# અ.મુ. શ્રી સોમચંદબાપા

અ.મુ. ભૂરાભાઈ બાપાશ્રી પાસે વૃષપુર જતા ત્યારે વધુ એકાંત પ્રસંગે બાપાશ્રીને રાજી કરતા. મને ક્યારેક રહસ્ય વાત કહેતા કેઃ 'બાપાશ્રી કલાકો સુધી મૌન દર્શન દેતા હોય તો પણ મને સંકલ્પેય ન થાય કે બાપાશ્રી કાંઈક વાત કરે તો ઠીક.' ભુજના બ્રહ્મચારી નિર્ગુણાનંદજી સ્વામીને શ્રીહરિકૃષ્ણ મહારાજે ભૂજના મંદિરમાં મૂર્તિ રૂપે દર્શન દઈ કહેલું કે અત્યારે અમે અનાદિમુક્ત દ્વારે વૃષપુરમાં સૌને સુખ આપીએ છીએ. તે વાત મને બ્રહ્મચારીએ કહી હતી, તે પછી મને એમ થયું કે હરિકૃષ્ણ મહારાજ બાપાશ્રી દ્વારા સુખ કેવી રીતે આપતા હશે? જ્યાં એવો સંકલ્પ થયો ત્યાં બાપાશ્રીએ કહ્યું કે : ''ભૂરાભાઈ! મહારાજ આજ સત્સંગમાં અનાદિમુક્ત દ્વારે સૌના મનોરથ પૂરા કરે છે. તમો કેટલા રૂપિયા ખર્ચી અહિંયા આવ્યા ?'' ત્યારે ભૂરાભાઈએ કહ્યું કેઃ ''બાપા! પચ્ચીસેક રૂપિયા થાય.'' ત્યારે બાપાશ્રી કહે : ''આટલા રૂપિયામાં અક્ષરધામમાં દર્શન કરવા જવાય? અત્યારે અનાદિમુકત દ્વારે શ્રીજીમહારાજ સૌને સુગમ થયા છે. અમે તો સૌને મહારાજની મૂર્તિ આપીએ છીએ. અનાદિમુકતને તો શ્રીજીમહારાજ એક જ છે. બીજી વસ્તુ તેમને મતે નથી.'' પછી કહ્યું કે : ''અમે વાતો નથી કરતા તેથી તમે મુંઝાતા તો નથી ને?'' ત્યારે ભૂરાભાઈ કહેઃ ''બાપા અમારે વાતોનું કામ નથી, અમારે તો મૂર્તિનું કામ છે.'' ત્યારે કહે : ''અંતઃદૃષ્ટિએ વર્તશો તો મૂર્તિ જરાય છેટી નથી.'' એ પ્રસન્નતા જણાવ્યા પછી તેમને સદાય પ્રત્યક્ષ ભાવ વર્તતો. તેમની ક્રિયામાં જ્યારે જોઈએ ત્યારે મૂર્તિ જ પ્રધાન જણાતી. બીજી વાત કોઈ કરે તો ગમે નહિ. પોતે બાપાશ્રીના આશીર્વાદની છ વાતો વધુ વંચાવતા. એમની ઈચ્છાથી તે વાતોની નાની ચોપડી છપાવેલી. તે વાતો પ્રથમ ભાગની વાતોમાંથી ૬, ૯૧ અને ૧૬૭ તથા બીજા ભાગની વાતોમાં ૩૩, ૬૬ અને ૬૭ છે. તે વાંચી મનન કરવાથી ' આમાં કેવળ આશીર્વાદ આપ્યા છે' એમ સમજાય. આ પ્રમાણે મોટાની રૂચિ જણાય છે.

સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામીની થોડી વાતો છપાયેલી છે અને તે મૂર્તિના સારરૂપ મનન કરવા યોગ્ય છે. સદ્‌ગુરુ ઈશ્વરચરણદાસજી સ્વામીએ 'વચનામૃત' નું રહસ્ય બાપાશ્રી પાસે જાણી સત્સંગને એ લાભ આપ્યો, જેથી આપણે 'વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ગ્રંથ'વાંચીએ છીએ.



જ્યાં સુધી ત્રણ ગુણમાં વર્તાય ત્યાં સુધી સુખ ન આવે.

# કેળવણી

### અંગ્રેજી માધ્યમ
### શ્રી ઘનશ્યામ એકેડમી – બળદિયા

અમારી શાળા શ્રી ઘનશ્યામ એકેડેમી, બળદિયા. શ્રી અબજીબાપા એજ્યુ. એન્ડ ચેરીટેબલ સેન્ટર દ્વારા સંચાલિત જેમાં તાજેતરમાં વિજ્ઞાન દિવસના ઉપલક્ષમાં વિજ્ઞાન મેળો અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું. જેનું ઉદ્‌ઘાટન સંસ્થાના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ, સેક્રેટરી શ્રી છગનભાઈ અને આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષીના વરદ્ હસ્તે કરાયું હતું.

જેમાં શાળાના ચાર સદનો Knowledge (નોલેજ), Intelligence (ઈન્ટેલીજન્સ), Excellence (અર્ક્ષલન્સ), Genius (જીનીયસ) અને KG Section નાં સહિયારા પ્રયત્ન, શિક્ષકો અને વિદ્યાર્થીઓ અખૂટ ઉત્સાહ, આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષીના માર્ગદર્શન હેઠળ બાળકોએ કચ્છની ઝાંખી, સ્વચ્છ ભારત મિશન, ભારતનાં વિવિધ જંગલો, કચ્છનાં ગામડાંઓ, વગેરે જેવી થીમ સાથે અદ્‌ભૂત પ્રદર્શન કર્યું હતું. એની સાથે વિજ્ઞાનના લાઈવ પ્રયોગો, રીબકેજ (પાંસળીઓ), મગજ, આંખ અને શરીરના અંગોના મોડેલ વિદ્યાર્થીઓએ જાતે તૈયાર કરેલા હતા. આ ઉપરાંત Water cycle system (વોટર સાયકલ સિસ્ટમ), Traffic Signals (ટ્રાફિક સિગ્નલ), શુદ્ધિક્રિયાઓ, વોલ્કેનો (જવાળામુખી), ભારતના મહાન વૈજ્ઞાનિકો વગેરે ની પ્રતિકૃતિ દ્વારા સુંદર સમજ અંગ્રેજીમાં વિદ્યાર્થીઓએ આપી હતી. તાજેતરમાં ફેલાયેલા સ્વાઈન ફ્લુ રોગના લક્ષણો તેનાથી બચવાના ઉપાયો વગેરેની બેનર દ્વારા સમજ આપી માસ્ક પહેરવાની જાગૃતિ કેળવાઈ હતી. આસપાસના ગામોની શાળાઓનાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓએ પણ હાજરી આપી આ પ્રદર્શનને સફળ બનાવ્યું હતું. પ્રદર્શનમાં શાળાના શિક્ષકશ્રી વિજયભાઈ ડોડિયા દ્વારા તૈયાર કરાયેલ વાર્ષિક પ્રવૃત્તિઓના ફોટાનું પ્રોજેક્ટર દ્વારા Slide show Presentation રાખવામાં આવ્યું હતું. વાલીઓ અને મુલાકાતીઓનો એક જ પ્રતિભાવ હતો કે બાળકોએ પોતાની ઉંમરથી વિશેષ સુંદર કાર્ય કરેલું છે. આ પ્રદર્શનનો વિસ્તૃત અહેવાલ કચ્છની ન્યૂઝ ચેનલો દ્વારા પણ પ્રકાશિત કરવામાં આવ્યો હતો.

અંતમાં શાળાના આચાર્યાશ્રી અને ટ્રસ્ટીશ્રીઓએ શિક્ષકો વિદ્યાર્થીઓની મહેનત, ઉત્સાહને બિરદાવી પ્રદર્શનને સફળ બનાવવા માટે અભિનંદન પાઠવ્યા હતા.

### Intelligence House

તારીખ ૨૮-૨-'૧૫ શનિવારના રોજ શ્રી ઘનશ્યામ એકેડેમીના પ્રાંગણમાં વિજ્ઞાન દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. તેમાંથી Intelligence House માંથી શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ અલગ અલગ Modals તૈયાર કરેલા હતા. જેવાકે Eyes, Poisons & their antidotes, Water cycle, Biogas Plant, Soil formation, tape warm, Shark fish, crab, chemical bond, વગેરે Class નું સુશોભન કર્યું હતું. અલગ અલગ પ્રકારના Charts પણ હતા. બીજા Class માં Traffic signal, Map of Kutch, Map of Agriculture, Map of Industries, Mathematical game વગેરે જેવા Model દ્વારા Class નું સુશોભન થયું હતું. ભારતીય સંસ્કૃતિના પ્રતીકો જેવા કમળ, વૃક્ષ-વનસ્પતિ પૂજન, શ્રીફળ, કળશ સુર્યઉપાસના વગેરે દ્વારા હિંડોળો તૈયાર કરવામાં આવ્યો હતો.

આમ વિજ્ઞાન દિવસમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### KG Section - Drg. Competition

તા. ૪-૩-'૧૫ના KG Section માં Drawing Competition યોજવામાં આવી હતી. જેમાં બાળકોએ ચિત્રોમાં વિવિધ રંગપૂરવણી કરી હતી. અને તેમનામાં રહેલી કલાને પ્રદર્શિત કરી હતી. P.G., Jr. kg તથા Sr.kg ના બાળકોએ Drawing Competitionમાં હોંશભેર ભાગ લીધો હતો. જેમાં નીચેના બાળકોએ Rank મેળવ્યો છે.

**P.G.**

1st - Senghani Jay
2nd - Maheta Shloka
3rd - Bhuva Rashmi

Jr. kg

1st - Patel Bhakti
2nd - Pindoriya Yash
3rd - Thakkar Rajvi

**Sr. kg**

1st - Vekariya Shreeya
2nd - Senghani Anjali
3rd - Bhudia Jinal
3rd - Agravat Kunjan

### Science & Art exhibition
### Excellence House

શ્રી ઘનશ્યામ એકેડેમી ખાતે તા. ૨૮-૨-'૧૫નાં દિવસે Science & Art exhibition રાખવામાં આવેલું હતું. જેમાં ચારેય Houseએ પોતાની આગવી કુશળતા બતાવતા Classrooms ને ટ્રસ્ટીશ્રીઓ તેમજ મહેમાનો માટે ખુલ્લા મુક્યા હતા. Excellence Houseએ Science Exhibition નાં રૂમમાં નાનકડા ભૂલકાઓ દ્વારા અલગ અલગ Experiment રજૂ કરવા માટે તૈયાર કર્યાં હતા. જેમાં પોટેશિયમ પરમેંગેનેટ થી અગ્નિ પેટાવી શકાય છે, હવામાં ઓકિસજન વિના મીણબત્તી બૂજાઈ જાય છે. કાચની બોટલ પર ફુગ્ગો ફીટ કરી તેને મીણબત્તી વડે બોટલને ગરમી મળતા ફુગ્ગાનું ફુલાવું વગેરે

પ્રયોગો કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની મહેનતથી Volcano Model, Himalay - Mountain Model, Brain Model વગેરે બનાવવામાં આવ્યા હતા.

Art exhibition - Room માં Excellence House એ Theme ''કચ્છની ઝાંખી'' દર્શાવી હતી. જેમાં નાના નાના ભૂલકાઓને જીવંત પાત્ર તરીકે બેસાડયા હતા. આ Theme માટે કચ્છનું Culture રોટલા બનાવતી સ્ત્રી, ગોવાળ, માખણ ઉતારતી સ્ત્રી, માચી વણતો વણકર, કચ્છી ભરતકામ કરતી સ્ત્રી, ધાન્ય સાફ કરતી સ્ત્રી, ખેડૂત, રખેવાળ, પનિહારી વગેરે પાત્રને તૈયાર કરવામાં આવ્યા હતા. આ પાત્રોએ વર્ગ સુશોભનની શોભાને વધારી હતી. આવનાર દરેક મહેમાને પોતાના કેમેરામાં આ દિવસની પળોને કેદ કરવાનું ભૂલ્યા ન હતા. આ Exhibition Room માં વિદ્યાર્થીઓ દ્વારા, શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વર્ષ દરમિયાન થતી અનેકવિધ પ્રવૃત્તિઓનાં Chart બનાવ્યા હોય તેને displayમાં રાખવામાં આવ્યા હતા. અનેક શાળાના બાળકો, શિક્ષકો, મહેમાનો અને વાલીઓએ આ exhibition નિહાળ્યું હતું અને શાળાનાં આચાર્યાશ્રી, શિક્ષકો તેમજ બાળકોનાં આ કાર્યની પ્રસંશા કરી હતી.

શ્રી ઘનશ્યામ એકેડેમી ખાતે Date ના દિવસે Sem II ની Annual Exam શરૂ થવાનાં થોડા દિવસો પહેલા Exam Revision માટે શાળાનાં શિક્ષક શ્રીમતિ ખુશ્બુ શર્મા દ્વારા Speech આપવામાં આવી હતી. Exam માટે કેવી રીતે Reading કરવું, અગત્યનાં મુદ્દાઓ કેવી રીતે યાદ રાખવા, Latest Technology નાં સમન્વયથી Answer તૈયાર કરવા, Subject, Day, House wise પહેલાથી જ Personal Time table બનાવવું. અઘરા લાગતા Subjectને હળવાશથી, Confidence સાથે પહેલાથી જ તૈયારી કરવી વગેરે બાબતોને રજૂ કરી હતી.

## Genius House

શ્રી ઘનશ્યામ એકેડેમી - બળદિયામાં આચાર્યાશ્રીના માર્ગદર્શન મુજબ તા. ૨૮-૨-'૧૫ને શનિવારના રોજ વિજ્ઞાનદિન (Science day)ની ઉજવળી ખૂબ જ સુંદર રીતે કરવામાં આવેલ. જેમાં શાળામાં ચાર હાઉસ પ્રમાણે કાર્યભાર સોપવામાં આવ્યો હતો.

Science day નાં ઉપલક્ષમાં Genius House ને શાળા તરફથી એક મોડેલ (Ribcage)નું મોડેલ અને (Triangular bandages)નું ચાર્ટ દ્વારા માહિતી આપવી, બન્ને ટોપીક મળેલ, જે શાળાના શિક્ષિકા શ્રી હિરલબહેન અને શ્રી નીતાબહેનના માર્ગદર્શન દ્વારા વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવવામાં આવેલ. આ ઉપરાંત એક વર્ગખંડમાં સમગ્ર બ્રહ્માડનું મોડેલ શાળાની વિદ્યાર્થીની કવિતા અને દશના દ્વારા બનાવવામાં આવ્યું હતું. જે ખૂબ જ આકર્ષક અને આબેહુબ હતું. બીજા એક વર્ગખંડમાં શાળાના શિક્ષકશ્રી વિજયભાઈ ડોડિયા દ્વારા (સ્વાઈન ફ્લૂ)નાં બેનરો બનાવી અને લોકોને પ્રવર્તમાન સમયમાં ચાલી રહેલા રોગ વિશે પરિચિત કરાવ્યા હતા. જે કઈ રીતે ફેલાય અને તેમનાથી બચવા માટેના જરૂરી સૂચનો પણ વિદ્યાર્થીઓ દ્વારા વિજ્ઞાનના મેળામાં આવેલ અન્ય શાળાઓના બાળકો અને વાલીઓને આપવામાં આવેલ. આ ઉપરાંત સમગ્ર ભારતીય વૈજ્ઞાનિકોના ચિત્રો અને એમના વિશેની માહિતી આપતું એક સુંદર દશ્ય તૈયાર કરાવવામાં આવેલ.

આ ઉપરાંત એક સ્વસ્થગામ અને બીજુ અસ્વસ્થગામ એવા બે મોડેલ Genius House ના હસમુખ, નીતીન, નિકુલ, શાંતિલાલ અને અન્ય વિદ્યાર્થીઓની મદદથી ખૂબ જ સુંદર બનાવવામાં આવેલ. ત્યારબાદ શાળામાં વર્ષ દરમ્યાન થતી સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના અને સ્પર્ધાઓના વિવિધ ચાર્ટો અને મોડેલો પણ આ વિજ્ઞાનના મેળામાં મૂકવામાં આવેલ. જેવા કે પેરિસ્કોપ, વસ્તીવધારો, હિડોલા, Water cycle, પતંગો, હૃદયનું મોડેલ, બ્રહ્માડનું મોડેલ, પાણીના શુદ્ધિકરણનો પ્રયોગ વગેરે જેવાં અનેક પ્રયોગો અને મોડેલો બનાવીને Genius Houseના ધોરણ-૫ થી ધોરણ-૯નાં બધાજ વિદ્યાર્થીઓએ આ વિજ્ઞાનમેળાને સફળ બનાવવામાં ખૂબજ મહેનત કરી હતી.

આ ઉપરાંત સમગ્ર શાળાના વર્ષ ૨૦૦૮થી ૨૦૧૪ સુધીની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના ફોટા શાળાના આચાર્યા શ્રીમતિ શુંભાગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષક શ્રી વિજયભાઈ ડોડિયા દ્વારા ખૂબ જ આકર્ષક સ્લાઈડ શો રજૂ કરવામાં આવ્યો હતો. જે જોઈને સમગ્ર ટ્રસ્ટીમંડળ અને વાલીઓ તથા અન્યશાળામાંથી આવેલા શિક્ષકો અને વિદ્યાર્થીઓ ખૂબ જ ખુશ થયા હતા. આ સ્લાઈડ શો દ્વારા વિદ્યાર્થીઓને પોતાની જૂની યાદો તાજી થઈ ગઈ હતી.

## Science Related Drawing Competition

**(વિજ્ઞાન વિષયક ચિત્ર સ્પર્ધા)**

શ્રી ઘનશ્યામ એકેડેમીમાં આચાર્ય શ્રીમતી શુભાંગીબેન જોષીના માર્ગદર્શન હેઠળ તા. ૨૮-૨-'૧૫ના રોજ વિજ્ઞાન દિવસના અને શાળામાં યોજાનાર Science fair અને Activity Exhibition ના ઉપલક્ષમાં તા. ૧૯-૨-'૧૫ ગુરુવારના રોજ વિજ્ઞાન વિષયક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સ્પર્ધામાં ધોરણ ૫થી ૯ના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. તેઓએ વિવિધ વિજ્ઞાન ને અનુલક્ષી પ્રયોગો પોતાની આગવી કળા દ્વારા દોર્યા હતા. બધા બાળકોએ એક કલાકની જ સમય મર્યાદામાં આબેહુબ પ્રયોગ દોર્યા હતા. જેનો ઉપયોગ વિજ્ઞાન પ્રદર્શનમાં કરવામાં આવ્યો હતો. જેનું પરિણામ નીચે મુજબ છે.

**Std : 5th**

1st - Tilak Dev
2nd - Senghani Palak
3rd - Bhojani Diya

**Std : 6th**

1st - KhoKharai Bhavika
2nd - Vekariya Bansi
2nd - Bhudia Sweta
3rd - Rabadiaya Bhranti

**Std : 7th**

1st - Hirani Mayuri

2nd - Vekariya Darshana
3rd - Kabariya Khushi

**Std : 8th**

1st - Raghwani Kavita
2nd - Vora Krushna
3rd - Kerai Priyanka

**Std : 9th**

1st - Soni Ami
2nd - Vekariya Hasmukh
3rd - Varsani Bhagyashree

## Tilak Holi Celebration

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી શાળાના આચાર્યાશ્રી શુભાંગીબેન જોષીના માર્ગદર્શન હેઠળ તા. ૫-૩-'૧૫ના રોજ Tilak Holi Celebration નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના રાબેતા મુજબનો અભ્યાસક્રમ પૂર્ણ થયા પછીની સમયમાં દરેક વર્ગશિક્ષક પોતાના વર્ગખંડમાં જઈ દરેક બાળકોને હોળીના રંગથી ચાંદલો કર્યો હતો. બાળકોએ પણ એકબીજાને ચાંદલા કરી આ તહેવારની ઉજવણી કરી હતી. બાળકો ખૂબ જ આનંદિત થયેલા જોવા મળ્યા હતા. આ Celebration પાછળનો મુખ્ય હેતું બાળકોમાં રહેલી તહેવાર પ્રત્યેની ભાવનાને જાગૃત્ત કરવાનો અને આ પવિત્ર તહેવારના દિવસે બધા જ ભેદ ભાવોને ભૂલી એકબીજા સાથે હળી મળીને રહેવાનો સંદશ આપવાનો રહ્યો હતો.

### વિશ્વ મહિલા દિન નિમિત્તે અપાયેલ વકતવ્ય બાબતે

તા. ૮/૩/'૧૫ મતલબ 'વિશ્વ મહિલા દિન' 'વિશ્વ મહિલા દિન' વિશ્વભરમાં ઊજવવામાં આવે છે. આ દિન વિશેની જાણકારી શાળાના શિક્ષક શ્રીમતી ખૂશ્બુ શર્માના માર્ગદર્શન હેઠળ ધોરણ ૫માં અભ્યાસ કરનાર સેંઘાણી પલકે પૂરી પાડી હતી. તેમણે જણાવ્યું કે વિશ્વ મહિલા દિવસ વિવિધ નારીઓ દ્વારા આર્થિક રાજકીય અને સામાજિક ક્ષેત્રે મેળવેલ સિદ્ધીઓને આંકતો દિવસ છે. તેઓએ જણાવ્યું કે આપણા દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પણ કહ્યું છે કે 'Woman is the companion of man gifted with equal mental capacity.'

### રામનવમી / શ્રી હરિ પ્રાગટ્યદિન

શ્રી ઘનશ્યામ એકેડેમીના પ્રાગંણમાં રામનવમી નિમિત્તે ધોરણ ૭માં અભ્યાસ કરતી કાબરિયા ખુશીએ પોતાના વિચારો સારી રીતે પ્રગટ કર્યા હતા. પોતાના વિચારોમાં તેણે કહ્યું કે ભગવાન રામનો જન્મ ચૈત્ર સુદ નોમના અયોધ્યામાં દશરથ કૌશલ્યાના પુત્ર તરીકે રામે જન્મ લીધો હતો. આજે આપણે ચૈત્ર સુદ નોમના મંદિરોમાં આરતી કરી અને પ્રસાદ વહેંચીએ છીએ.

પોતાના વિચારોમાં તેણે ભગવાન રામના જન્મદિવસની સાથે-સાથે ચૈત્ર સુદ નવમીના ભગવાન શ્રી સ્વામિનારાયણની પણ જન્મ જયંતિ ઉજવવામાં આવે છે.

### સમૂહ પ્રાર્થના દરમ્યાન વિદ્યાર્થીઓ દ્વારા આપાયેલ વિશેષ વકતવ્યો બાબતે

શ્રી ઘનશ્યામ એકેડેમી શાળામાં શિક્ષણના ભાગ રૂપે દરરોજ સમૂહ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવે છે. જેમાં જુદા-જુદા ધોરણના વિદ્યાથી-વિદ્યાર્થિનીઓ દરરોજ સારી કહેવત, સમાચાર, સારો વિચાર, અને જનરલ નોલેજને લગતા વકતવ્યો રજૂ કરે છે. આ ઉપરાંત મહિનામાં આવતા વિશેષ દિનની દરેક વિદ્યાર્થીઓને માહિતી મળે તે માટે આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષીનાં માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓને વિશેષ દિવસની માહિતી પૂરી પાડે છે. જેમાં ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં અપાયેલ વિશેષ વકતવ્યોમાં...

તા. ૪-૩-'૧૫ના રોજ 'હોળી' વિશેની માહિતી ધોરણ ૯માં અભ્યાસ કરનાર વિદ્યાર્થી હિરણી પિયૂષે આપી હતી. શાળાના શિક્ષક શ્રીમતી અર્ચના જોષીના માર્ગદર્શન હેઠળ પિયૂષે હોળી વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે, આપણે હોળીનો તહેવાર શા માટે ઉજવીએ છીએ. તેમને જણાવ્યું હતું કે હોળી પર્વ ઊજવવા પાછળ એક પૌરાણીક કથા પ્રચલિત છે. તેમણે જણાવ્યું કે હોળીનો તહેવાર આસૂરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પ્રતિક છે.

તા. ૮/૩/'૧૫ના રોજ 'વિશ્વ મહિલા દિવસ' કહેવાય છે કે ''જયાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાનો વાસ હોય છે.'' વિશ્વ મહિલા દિવસનું મહત્ત્વ રજૂ કરતું વકતવ્ય ધોરણ ૫માં અભ્યાસ કરતી સેંઘાણી પલકે શાળાના શિક્ષક શ્રીમતી ખૂશબુ શર્માના માર્ગદર્શન હેઠળ આપ્યું હતું. તેમણે જણાવ્યું કે ઈ.સ. ૧૯૭૫થી વિશ્વ મહિલા દિવસની શરૂઆત યુ.એન. દ્વારા કરવામાં આવી હતી. તા.૮માર્ચને વિશ્વ મહિલા દિવસ તરીકે ઊજવવામાં આવે છે.

તા. ૨૫-૩-'૧૫નાં રોજ ધોરણ ૭માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કાબરિયા ખુશીએ તા. ૨૮-૩-'૧૫ના રોજ આવનાર 'રામનવમી' પર્વ વિશેની માહિતી રજૂ કરી હતી. આ બાબતે તેને શાળાના શિક્ષક શ્રીમતી નીતા જોષીએ માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. ખુશીએ પોતાના વક્તવ્યમાં 'રામનવમી'નો પર્વ શા માટે ઊજવવામાં આવે છે અને મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

### ગુજરાતી માધ્યમ
### ધોરણ-૧૦નો વિદાય સમારંભ

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તાઃ- ૨૩/૩/'૧૫ને સોમવારના રોજ વિદ્યાર્થીનો વિદાય, શુભેચ્છા સમારંભ યોજવામાં આવ્યો હતો. તેમાં ધોરણ ૫ થી ૯ ના બધા જ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સંત શ્રી પૂ.દેવસ્વરૂપદાસજી સ્વામીશ્રી તથા શ્રી પૂ. સ્વયંપ્રકાશદાસજી સ્વામીશ્રી ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સંસ્થા પ્રમુખશ્રી ગોવિંદબાપા, સેક્રેટરીશ્રી છગનબાપાએ પણ હાજરી આપી હતી. સમગ્ર સ્ટાફ પણ હાજર રહ્યો હતો. સૌપ્રથમ ધોરણ ૫ના વિદ્યાર્થી હેઠવાડિયા સાહિલે આવીને તેને ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ સાથે થયેલા અનુભવો વર્ણવ્યા હતા. તેવી જ રીતે ૬ થી ૯ સુધીના વિદ્યાર્થીઓ આહિર નયન, ગઢવી કેતન, આહિર કિશન, બાંભણિયા આશિષ અને ખિમાણી વિજયે પોતાના થયેલ વિવિધ સંભારણા વર્ણવીને શુભેચ્છા અને વિદાય આપી હતી.

ધો-૧૦ ના વર્ગશિક્ષકશ્રી શૈલેષભાઈ ત્રેટિયાએ પોતાને થયેલ અનુભવો વ્યક્ત કરીને શુભેચ્છા પાઠવી હતી અને વિષય શિક્ષક શ્રી જનકભાઈ પટેલે પણ પોતાની શુભેચ્છા પાઠવી હતી. ધો-૧૦ના વિદ્યાર્થી જેસાણી હર્ષિલ, ડાંગર જગદીશ અને લિંબાઝ તુષારે પ્રસંગને અનુરૂપ વક્તવ્ય આપ્યું હતું. સ્વામીશ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામીએ પણ ધો-૧૦ના વિદ્યાર્થીઓને શીખામણો-શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવ્યા હતા. તેમજ કૃપાવર્ષા મહોત્સવના પરાયણોમાં આવવાનું આમંત્રણ આપ્યું હતું. શાળાના આચાર્યશ્રી કે.કે.પટેલ સાહેબે વિદ્યાર્થીઓને ભાવિજીવનની પ્રગતિ અંગે શુભેચ્છા પાઠવી હતી, અને સૌને આભાર વ્યકત કર્યો હતો. તેમજ દરેક વિદ્યાર્થી વર્ષમાં અચૂક એક વખત અહિ દર્શન કરવા આવે તેવું આવાહન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધો-૧૦ ના વિદ્યાર્થી જાડેજા ઋષિરાજે કર્યું હતું. ધો-૧૦ના વિદ્યાર્થીઓના માનમાં રાત્રે ઠાકરથાળીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. અને આઈસ્ક્રિમનો સૌને પ્રસાદ આપવામાં આવ્યો હતો. જેનાં યજમાન શ્રી ધો-૧૦ના બધા વિદ્યાર્થીઓ હતા.

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયાનાં ધો-૧૦ના વિદ્યાર્થીઓની માર્ચ-૨૦૧૫ બોર્ડની પરીક્ષા ૧૨/૦૩/૨૦૧૫ના રોજ પ્રારંભ થયો હતો. ધોરણ ૧૦ના તમામ વિદ્યાર્થીઓએ નિજ મંદિરમાં મહારાજ અને બાપાશ્રીના દર્શન કરી ત્યારબાદ પૂ.દેવ સ્વામી, તથા પૂ. ઘનશ્યામ સ્વરૂપદાસજી સ્વામીનાં આશીર્વાદ લઈ પરીક્ષા આપવા ગયા હતા. વિદ્યાર્થીઓની સાથે સંસ્થાનાં પ્રમુખશ્રી ગોવિંદબાપા, સંત શ્રી ઘનશ્યામ સ્વામી તથા પૂજય દેવપ્રકાશ સ્વામી પરિક્ષા કેન્દ્રમાં જઈને કેન્દ્ર પર પરિક્ષા આપતા બધા જ વિદ્યાર્થીઓને પરિક્ષામાં સારી એવી સિદ્ધી મેળવે તેવા રૂડા આશીર્વાદ આપી બધા જ વિદ્યાર્થીઓને દિવ્ય આશીર્વાદ રૂપી સાકરનો પ્રસાદ આપ્યો હતો. ત્યારબાદ બધા વિદ્યાર્થીઓએ પોતાના જીવનની મહત્વની બોર્ડની પરીક્ષાનો આંરભ કરવા પોતાના પરીક્ષા-ખંડમાં ગયા હતા.

**વિશ્વ વન દિન**

અમારી શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તા.૧૨-૩-૧૫ને શનિવારના રોજ વિશ્વ વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આપણા દેશમાં વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે. વન દિનની ઉજવણી કરવાનો મુખ્ય આશય એ છે કે વધુને વધુને માણસો વૃક્ષો વાવે અને વાતાવરણને શુદ્ધ કરવામાં સહભાગી થાય શાળામાં આ દિવસની ઉજવણી નિમિત્તે વકતૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો-૫ થી ૯ સુધીના ગૃહપ્રમાણે એક-એક વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. વકતૃત્ત્વ સ્પર્ધાના વિષયો વૃક્ષો વાવવાથી તથા તેને ઉછેરવાથી થતા ફાયદા અને પ્રદૂષણમુક્ત રાષ્ટ્ર બનાવવા માટે વૃક્ષનું જતન કરવું આવશ્યક છે તે હતા. બધા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ધો-૯ના વિદ્યાર્થી અબડા નિર્મલસિંહ ધીરજસિંહએ 'વૃક્ષનું જતન આબાદ વતન' ઉપર સરસ મજાનું વકૃત્ત્વ આપ્યું હતું. તેને તેના વકતૃત્ત્વમાં જણાવ્યું હતું કે જો આપણે સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત રાષ્ટ્રનું નિર્માણ કરવું હશે તો વૃક્ષ વાવી તેને ઉછેરવા પડશે તો જ આપણો આ ઉદ્દેશ પૂર્ણ થશે. આજે માણસ પોતાના સ્વાર્થ માટે વૃક્ષો કાપવા લાગ્યો છે. લાકડામાંથી કોલસા બનાવવા, ઘરનું રાચરચીલું બનાવવા, બળતણ માટે માણસ લીલા ઝાડ પાડવા લાગ્યો છે. તેથી દિવસે દિવસે જગલમાં વૃક્ષોની સંખ્યા ઘટી રહી છે. વૃક્ષો દિવસે કાર્બનડાયોક્સાઈડ વાયુ લઈ અને માનવજીવન માટે ઉપયોગી શુદ્ધ ઓકિસજન આપણને આપે છે. વૃક્ષો વરસાદ લાવવામાં ઉપયોગી છે.

વન દિનની ઉજવણી નિમિત્તે શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

''વધુ વૃક્ષ વાવો, વરસાદ લાવો.''

''એક બાળ એક ઝાડ''

વૃક્ષનું જતન, આબાદ વતન.

જેવા સૂત્રો પ્રાર્થનાખંડમાં બ્લેકબોર્ડ ઉપર લખી વિદ્યાર્થીઓને વૃક્ષો વાવવા અને વન બચાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. જો દરેક વ્યકિત એક વૃક્ષ વાવી તેનું જતન કરે તો આપણો દેશ 'હરિયાળા દેશ' તરીકે પ્રચલિત થઈ જાય. પણ તે માટે દરેક વ્યકિતએ પ્રયત્નો કરવો પડશે.

અંતે શાળાના આચાર્યશ્રી કે.કે.પટેલ સાહેબે વૃક્ષ વાવવાથી થતા લાભ વિશે સરસ મજાનું વકતવ્ય આપ્યું હતું અને સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

**સ્પેલિંગ-વ્યાકરણ સ્પર્ધા**

અમારી શાળા શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં તા.૧૪/૩/૨૦૧૫ ને શનિવારના રોજ સ્પેલિંગ-વ્યાકરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું માર્ગદર્શન શ્રીમતી કોમલબેન તથા કુમારી ભાવિકાબેને આપ્યું હતું. આ સ્પર્ધા માટે દરેક ધોરણમાંથી દરેક ગૃહના બે-બે વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા હતા. ચારે ગૃહમાં દસ-દસ વિદ્યાર્થીઓ હતાં. આ સ્પર્ધામાં કુલ સાત રાઉન્ડ હતા. પ્રથમ રાઉન્ડ સમાનાર્થી શબ્દનો, દ્વિતિય રાઉન્ડ વિરુદ્ધાર્થી શબ્દનો, ત્યારપછી ત્રીજો રાઉન્ડ શબ્દસમૂહ માટે એક શબ્દનો, ચોથો રાઉન્ડ કર્તા અને કૃતિનો હતો. ત્યારબાદ અંગ્રેજીના સ્પેલિંગ અને તેના અર્થ, અંગ્રેજીના વિરુદ્ધાર્થી શબ્દો, ત્યારબાદ અંગ્રેજીના ભૂતકાળના રૂપોનો આમ, આ રીતે સાત રાઉન્ડ રાખેલ હતા. જેનું સમગ્ર સંચાલન પટેલ નરેન્દ્રભાઈએ કર્યું હતું. આ સ્પર્ધામાં બધા શિક્ષકો તથા બધા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. છેલ્લે આ સ્પર્ધાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ નંબરે અબજીબાપા ગૃહ વિજેતા થયું હતું. તેને સિત્તેર (૭૦) માંથી ૫૭ ગુણ મેળવ્યા હતા. ત્યારબાદ બીજા નંબરે ગોપાળાનંદ ગૃહ વિજેતા થયું હતું. તેને ૭૦ માંથી ૫૧ ગુણ મેળવ્યા હતા. અને ત્રીજા નંબરે મુક્તાનંદ અને ઘનશ્યામગૃહ આ બંને ગૃહોએ ૫૦-૫૦ ગુણ મેળવ્યા હતા. આ સ્પર્ધાને અંતે આચાર્યશ્રી કે.કે.પટેલ સાહેબે ભાગ લેનાર બધા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. અને વ્યાકરણનું મહત્ત્વ સમજાવ્યું હતું.

## વર્ષ ૨૦૧૫ એડમીશન
## શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત
## શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક શાળા(ગુજરાતી માધ્યમ)

**પ્રવેશપરીક્ષા તા.૫/૫/૧૫ મંગળના રોજ સમય સવારે ૮ કલાકે**

- શૈક્ષણિક વર્ષ :- ૨૦૧૫-૧૬માં જે વાલીઓ પોતાના પુત્ર માટે સંસ્કાર સાથે શિક્ષણ આપતી આ સંસ્થામાં એડ્મિશન મેળવવા માગતા હોય તેઓએ જલ્દીથી સંસ્થાનો સંપર્ક કરી પ્રવેશ ફોર્મ મેળવી ભરીને તા.૪-૫-૨૦૧૫ સુધીમાં ફોર્મ જમા કરાવી દેવું. પ્રવેશપરીક્ષા તા. ૫-૫-૨૦૧૫ ના રોજ સવારે ૮ વાગ્યે લેવાશે. તેમાં સફળ થનાર વિદ્યાર્થીઓને મેરીટના ધોરણે એડ્મિશન આપવામાં આવશે.
- **શાળાની સુવાસ**
- ધો-૫ થી ધો-૧૦ સુધીનું ગુજરાતી માધ્યમમાં અદ્યતન પદ્ધતિથી અપાતું ઉત્તમ શિક્ષણ.
- ગુરુકુલમાં રહી વિદ્યાભ્યાસ કરવાની ઉત્તમ વ્યવસ્થા.
- સંસ્કાર, શિક્ષણ અને સર્વાંગી વિકાસનો સમન્વય.
- ખુબ જ સુંદર અને વિશાળ સગવડતાવાળું શાળાનું પરિસર.
- કુદરતી વાતાવરણ અને બાળકને ગમે તેવું પોતાના ઘર જેવું વાતાવરણ ધરાવતું અબજીબાપાશ્રી સંસ્કારધામ ગુરૂકુલ.
- શિક્ષણને વરેલા ખૂબ જ અનુભવી એર્વોડ પ્રાપ્ત કરેલ પ્રિન્સિપાલ; નિષ્ઠાવાન તજજ્ઞ શિક્ષકો અને ઉત્સાહી ટ્રસ્ટીગણ.
- અભ્યાસની તમામ સાધન- સામગ્રીથી સુસજ્જ શાળા.
- વિવિધ પ્રવૃત્તિઓ અને શિક્ષણને રસપ્રદ બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેતી અનોખી શાળા.
- ધોરણ-૧૦માં વર્ષોથી ૧૦૦% પરિણામ લાવતી વિદ્યાર્થીઓનું ઉજ્જવલ ઉચ્ચતમ સોનેરી ભવિષ્ય બનાવતી સંસ્થા.
- સંસ્થાનું વિશાળ પરિસર જેમાં રમતગમતનું મેદાન, બાગ-બગીચો, સુંદર શ્રી સ્વામિનારાયણ, હનુમાનજી મંદિર અને કલ્યાણકારી અબજીબાપાશ્રીની છતેડી, ગુરૂકુલ, નયનરમ્ય પવિત્ર કાળી તલાવડી, ઉપરાંત ચિત્તાકર્ષક પર્યટન સ્થળ, પ્રદુષણ મુક્ત, લીલુછમ, રમણીય મનમોહક દર્શનીય વાતાવરણ.
- દર પખવાડિયે સહ અભ્યાસિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને કસોટીઓનું રસમય આયોજન કરવામાં આવે છે.
- શૈક્ષણિક પ્રવાસ, હોસ્પિટલની મુલાકાત, બેંકની મુલાકાત, પોષ્ટ ઓફિસની મુલાકાત વગેરે ઔદ્યોગિક મુલાકાત કરાવી પ્રેક્ટીકલ રસપ્રદ શિક્ષણ આપતી શાળા.
- સતત અભ્યાસમય બનાવી ઉચ્ચ કારકિર્દીનું ઘડતર કરતી શાળા.
- એક વર્ગમાં લીમીટેડ વિદ્યાર્થીઓને રાખી રસમય-ભાર વગરનું હળવાશ, હૂંફ ભર્યું રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા આપવામાં આવતું ઉત્તમ શિક્ષણ.
- ધો.૫ થી ૧૦ સુધી બાળકોને મફત અને ફરજિયાત આપવામાં આવતું કોમ્પ્યૂટર શિક્ષણ.
- બાળકોને વિવિધ પ્રવૃત્તિઓ માટે શાળા ઉપરાંત શાળા બહારની પ્રવૃત્તિઓ માટે ઉત્સાહપૂર્વક તૈયાર કરતી શાળા.
- સુંદર શાળા બિલ્ડીંગ તેમાં કુદરતી વાતાવરણ અને શિક્ષણનો અહેસાસ થાય તેવું ઉત્તમ અનેરૂ સંકુલનું માળખું.
- સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવવાનું ઉત્તમ સ્થળ.
- શાળામાં અદ્યતન લેબોરેટરી, લાયબ્રેરી, કોમ્પ્યુટર લેબ, પ્રાર્થનારૂમ, આધુનિક સાધનોથી સજ્જ રમત-ગમતરૂમ, કુદરતી વાતાવરણથી શોભાયમાન થતું શાળાનું રમત-ગમતનું મેદાન, સ્ટાફરૂમ, ટી.વી.રૂમ, પ્રોજેક્ટરૂમ, દૃશ્ય-શ્રાવ્ય એની મેશન એન્ડ સોફટવેરરૂમ વગેરેની ઉત્તમ સગવડતા.
- ઓછી ફીમાં ઉત્તમ શિક્ષણ આપતી શાળા.
- બાળકોનો સર્વાંગી વિકાસ એજ શાળાનો મુદ્રાલેખ અને ગુરુમંત્ર છે.
- લીમીટેડ સ્ટુડન્ટ અનલીમીટેડ કેર, મફત મેડિકલ સુવિધા.
- ગુરૂકુળ ફરજિયાત છે. જેથી ધાર્મિક-સામાજિક, માનસિક અને શારીરિક, શૈક્ષણિક સંસ્કારો સાથે સર્વાંગી વિકાસ કરવામાં આવે છે.
- બાળકોમાં સામાજિક ગુણો, ધાર્મિક ભાવના, સંસ્કારીત વિચારો, સદ્ગુણોનું સિંચન કરતી કચ્છની એકમાત્ર સંસ્થા એટલે અબજીબાપા સંસ્કારધામ ગુરૂકુળ-બળદિયા.
- ફક્ત વાર્ષિક ૨૦૦૦/- રૂપિયામાં શ્રી અબજીબાપા સંસ્કારધામ ગુરૂકુલ સાથે રહેવા જમવાની ઉત્તમ સગવડતા.
- યોગાસન, પ્રાણાયામ, સૂર્યનમસ્કાર, સાંઘિક રમતો, એથ્લેટીક્સ, સ્કાઉટીંગ વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ.
- શિક્ષણ જગતના નામાંકિત વિદ્વાનોનું ઉત્તમ માર્ગદર્શન.
- ઓછી ફીમાં ઉચ્ચતમ સર્વાંગી શિક્ષણ સાથે શીસ્ત સંયમ અને ઉત્તમ સંસ્કારો આપતી શાળા.
- વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય, અભ્યાસ અને સંસ્કાર સિંચન માટે સતત જાગૃત શાળા.
- આધુનિક વિશ્વની સાથે સંવાદ સાધતી આગવી ઓળખ ધરાવતી શાળા.
- બાળકોને ખીલવા માટે ખુલવાનો આનાથી વિશેષ મોકો બીજે ક્યાં હોઈ શકે?

**શાળાની રૂબરૂ મુલાકાતનો સમય ૮:૦૦ થી ૧૨:૦૦**

- વધુ માહિત માટે ફોનઃ (૦૨૮૩૨) ૨૯૪૨૯૫, ૨૮૨૨૫૩, ૨૮૨૫૫૩, ૯૪૨૬૫ ૬૧૨૪૦, ૯૯૨૫૦ ૨૨૪૦૭
- પ્રવેશ ફોર્મ મેળવવા માટે શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક / માધ્યમિકશાળા (ગુજરાતી માધ્યમ) મુ. બળદિયા, તા. ભુજ, જી.કચ્છ, ઠે. શ્રી અબજીબાપાશ્રીની છતેડી અને હનુમાનજી મંદિર કેમ્પસ.
- **ખાસ નોંધ :-** આ માહિતી આપશ્રી જરૂરીયાતવાળા બાળકો સુધી પહોંચાડવાની સેવા કરશો તો શ્રીજીમહારાજ અને બાપાશ્રીનો રાજીપો મળશે.

# સેવા સરવાણી

| | | |
|---|---|---|
| ૧. | માવજીભાઈ લાલજીભાઈ નારણભાઈ વરસાણી | ભારાસર |
| ૨. | વેલજીભાઈ કરશનભાઈ વેકરીયા, હા. લંડન પુત્ર શાંતિભાઈ તથા વિરજીભાઈ | બળદિયા (લંડન) |
| ૩. | મૂ.નિ. મનજી ભીમજી જેશાણી સહપરિવારહ. માવજી મુરજી મનજી જેશાણી | યુ.કે. |
| ૪. | પરસોત્તમભાઈ ખેતશીભાઈ પારેખ | મુંબઈ |
| ૫. | ધનશ્યામસિંહ કરણસિંહ વાઘેલા | દદુકા |
| ૬. | ગં.સ્વ. ભાણબાઈ કાનજીભાઈ, હ. શાંતાબેન મુરજીભાઈ હિરાણી | માનકુવા |
| ૭. | ભરત લવજી જાકાસણીયા | |
| ૮. | મૂ.નિ. પ્રેમબાઈ કરશનભાઈ વરસાણી, હ. કાંતાબેન લાલજીભાઈ હાલાઈ | કેરા |
| ૯. | મૂ.નિ. રવજીભાઈ કરશનભાઈ જેશાણી, ગં.સ્વ. ભાણબાઈ રવજીભાઈ હ. વાલજી લાલજી | બળદિયા |
| ૧૦. | ધનબાઈ કાનજીભાઈ ચોથાણી | બળદિયા |
| ૧૧. | ભાવેશ નવીનભાઈ વરસાણી | ભારાસર |
| ૧૨. | મૂ.નિ. કેશરાભાઈ કરશનભાઈ કારા હ. હરિશભાઈ કરશનભાઈ કારા | યુ.કે. |
| ૧૩. | મૂરજીભાઈ હરજીભાઈ વેકરીયા | બળદિયા |
| ૧૪. | મૂ.નિ. પુરબાઈ કુંવરજીભાઈ વેકરીયા, હ. લાલજીભાઈ કુંવરજીભાઈ વેકરીયા | બળદિયા |
| ૧૫. | મૂ.નિ. કેશરબેન કરશનભાઈ કારા, હ. કાનજીભાઈ પ્રેમજીભાઈ હાલાઈ | ગોડપર |
| ૧૬. | અતુલભાઈ આંબાભાઈ ચોડવડિયા | સુરત |
| ૧૭. | મનસુખભાઈ વિઠ્ઠલભાઈ પારેજીયા | સુરેન્દ્રનગર |
| ૧૮. | જાદવજી પ્રેમજીભાઈ કેરાઈ | નારણપર |
| ૧૯. | ભવાનભાઈ ઓધવભાઈ પઢારિયા | રામપરા |
| ૨૦. | નારણભાઈ કુંવરજીભાઈ ભુડીયા | રામપર-વેકરા |
| ૨૧. | રામબાઈ ધનજીભાઈ વરસાણ, અરુણાબેન ખીમજીભાઈ હિરાણી | ભારાસર |
| ૨૨. | મૂ.નિ. પરબતભાઈ કાનજીભાઈ હિરાણી, હ. ગં.સ્વ. કુંવરબેન તથા પુત્ર દેવશી | ભારાસર |
| ૨૩. | મૂ.નિ. રતનબેન જાદવાભાઈ હિરાણી, હ. ગોપાલ શીવજી હિરાણી | બળદિયા |
| ૨૪. | અ.ગુ.શ્રી જાદવજીબાપા કાનજીબાપાની પ્રેરણાથી હ. આશાબેન મહેતા મુકુન્દરાય મહેતા | આદિપુર |
| ૨૫. | અ.મુ.શ્રી જાદવજીબાપા કાનજીબાપાની પ્રેરણાથી હ. વિશ્વેશભાઈ એમ. મહેતા | આદિપુર |
| ૨૬. | અ.મુ. જાદવજીબાપા કાનજીબાપાની પ્રેરણાથી હ. તૃપ્તીબેન પ્રકાશભાઈ બુચ | અંજાર |
| ૨૭. | વાલબાઈ વાલજીભાઈ પટેલ | યુ.કે. |
| ૨૮. | વીરબાઈ રામજીભાઈ હાલાઈ | મેઘપર |
| ૨૯. | મૂ.નિ. મેઘબાઈ વાલજીભાઈ આશાણી, હ. કાનજીભાઈ તથા ભીમજીભાઈ સહ પરિવાર | બળદિયા |
| ૩૦. | ચંપાબેન ભલાભાઈ પટેલ | મોટા એકવાડિયા |
| ૩૧. | ચમનભાઈ નરશીભાઈ પટેલ | રામગઢ |
| ૩૨. | ધનશ્યામભાઈ નાગરભાઈ પટેલ | કુંતલપુર |
| ૩૩. | મનસુખભાઈ શીવાભાઈ પટેલ | આદિપુર |
| ૩૪. | ધનશ્યામભાઈ નાગરદાસ દરજી | અમદાવાદ |
| ૩૫. | રમેશભાઈ નાગરદાસ દરજી | અમદાવાદ |
| ૩૬. | લલીતભાઈ કાંતિભાઈ પટેલ | અમદાવાદ |
| ૩૭. | મૂ.નિ. વાલબાઈ લાલજીભાઈ વેકરીયા, હ. સંજયભાઈ લાલજી વેકરીયા | નૈરોબી |
| ૩૮. | રવજી કરશન હરજી વેકરીયા | યુ.કે. |
| ૩૯. | મૂ.નિ. જેશાબાપા સહ પરિવાર, હ. કિશનભાઈ માવજીભાઈ મુરજીભાઈ જેશાણી સહપરિવાર | બળદિયા |
| ૪૦. | વિશ્રામભાઈ મનજીભાઈ હિરાણી | કેરા |
| ૪૧. | કલાવતી વિશ્રામભાઈ હિરાણી, ગીતા, ભરત | કેરા |
| ૪૨. | નીરમલાબેન મોહનભાઈ ગાંધી | દિલ્હી |
| ૪૩. | અ.મુ. જાદવજીબાપા કાનજીબાપા પ્રેરણાથી હ. ગોવિંદભાઈ કલ્યાણભાઈ વેકરીયા | બળદિયા |
| ૪૪. | મગનભાઈ પીતાંબરભાઈ પટેલ | ધોળી |
| ૪૫. | ધનશ્યામ ટ્રાન્સપોર્ટ | અમદાવાદ |
| ૪૬. | શ્રીજી ટ્રાન્સપોર્ટ | અમદાવાદ |
| ૪૭. | નારણભાઈ કલ્યાણભાઈ વેકરીયા | બળદિયા |
| ૪૮. | હસમુખ નારાયણભાઈ કલ્યાણભાઈ વેકરીયા | બળદિયા |
| ૪૯. | અ.મુ.શ્રી જાદવજીબાપા કાનજીબાપાની પ્રેરણાથી હ. શ્રી મલય કે. મહેતા | ભુજ |
| ૫૦. | ગં.સ્વ. જસુમતીબેન ધનશ્યામભાઈ સોની | હળવદ |
| ૫૧. | મૂ.નિ. ધનશ્યામભાઈ છગનભાઈ સોની, હ. દિપીકાબેન સુરેશભાઈ સોની | હળવદ |
| ૫૨. | કમલેશભાઈ ધનશ્યામભાઈ સોની | હળવદ |
| ૫૩. | પ્રદિપકુમાર ધનશ્યામભાઈ સોની | અમદાવાદ |
| ૫૪. | હર્ષદભાઈ ધનશ્યામભાઈ સોની | હળવદ |
| ૫૫. | લલીતકુમાર ધનશ્યામલાલ સોની | અમદાવાદ |
| ૫૬. | દિલીપભાઈ ધનશ્યામભાઈ સોની | હળવદ |
| ૫૭. | કુમારી વિયાબેન હર્દિશભાઈ હિરાણી | ભારાસર |
| ૫૮. | અરજણભાઈ મનજીભાઈ સાપરિયા | નારણપર |
| ૫૯. | મૂ.નિ. અમરબાઈ હિરાણી, હ. વિશ્રામભાઈ હિરાણી | બળદિયા |
| ૬૦. | બીપીનભાઈ હરીલાલ ગાંધી | અમદાવાદ |
| ૬૧. | મફતલાલ કાલીદાશ ચૌધરી | યુ.એસ.એ. |
| ૬૨. | લક્ષ્મણભાઈ મગનભાઈ કળથીયા | સુરત |
| ૬૩. | રાકેશભાઈ વશરામભાઈ પટેલ | સુરત |
| ૬૪. | મૂ.નિ. લાલજીભાઈ રામજીભાઈ જેશાણી, હ. કાંતિભાઈ લાલજીભાઈ જેશાણી | બળદિયા |
| ૬૫. | ત્રિભોવનભાઈ ગોરધનભાઈ પટેલ | ધોળી |
| ૬૬. | પ્રેમજીભાઈ રામજીભાઈ જેશાણી | બળદિયા |
| ૬૭. | જાદવજીભાઈ હરજીભાઈ પટેલ | વલ્લભવિદ્યાનગર |
| ૬૮. | મૂ.નિ. રતનબેન હરજીભાઈ હિરાણી, હ. રમીલાબેન પ્રેમજીભાઈ દેવજીભાઈ વરસાણી | બળદિયા |
| ૬૯. | કેરા (કુંદનપર) લેવા પટેલ શિક્ષણ ટ્રસ્ટ | કેરા |
| ૭૦. | દેવજીભાઈ મનજીભાઈ ભોજા વેકરીયા, તેજબાઈ દેવજીભાઈ ભોજા વેકરીયા | યુ.કે. |
| ૭૧. | પ્રશાંતભાઈ બીપીનભાઈ સ્વદાસ | વલ્લભવિદ્યાનગર |
| ૭૨. | ધનજીભાઈ કુંવરજીભાઈ રાઘવાણી, ધ.પ.ચ રતનબાઈ ધનજી રાઘવાણી | બળદિયા |
| ૭૩. | રવજી હરજીભાઈ જેશાણી | દહીંસરા |
| ૭૪. | કેસરા લાલજી હાલાઈ એન્ડ સન્સ | દહીંસરા |
| ૭૫. | વાલજી કરશન વેકરીયા | બળદિયા |
| ૭૬. | તેજલબેન મૌલિક ભગત | મુંબઈ |
| ૭૭. | મૂ.નિ. અરજણભાઈ નારણભાઈ પટેલ, હ. નાથુભાઈ પટેલ | રણમલપૂર |
| ૭૮. | જગદિશભાઈ પરષોત્તમભાઈ ઠક્કર | અમદાવાદ |
| ૭૯. | પરસોત્તમભાઈ ધારશીભાઈ ઠક્કર | અમદાવાદ |
| ૮૦. | વાલજીભાઈ ધનજી વરસાણી | કેરા |
| ૮૧. | મૂ.નિ. માતૃશ્રી વીરબાઈ દેવરાજ ખીમજી રાઘવાણી, હ. વાલજીભાઈ | બળદિયા |
| ૮૨. | કલ્યાણભાઈ નારણભાઈ વેકરીયા | બળદિયા |

# આગામી માસના તહેવારો

| | | |
|---|---|---|
| તા. ૨૯/૪/'૧૫ | વૈશાખ સુદ ૧૧ | કૃપાવર્ષા મહોત્સવ પ્રારંભ, એકાદશી |
| તા. ૦૧/૫/'૧૫ | વૈશાખ સુદ ૧૩ | ધોલેરા પાટોત્સવ, ગુજરાત રાજ્ય સ્થાપના દિન |
| તા. ૦૪/૫/'૧૫ | વૈશાખ સુદ ૧૫ | કૃપાવર્ષા મહોત્સવ (છતેડી પાટોત્સવ , અન્નકૂટ), અ.મુ. મોતીભાઈ સોનીની અંતર્ધાનતિથિ |
| તા. ૦૫/૫/'૧૫ | વૈશાખ વદ ૧ | કૃપાવર્ષા મહોત્સવ પૂર્ણાહુતિ |
| તા. ૦૬/૫/'૧૫ | વૈશાખ વદ ૨ | જૂનાગઢ સ્વામિ. મંદિરનો પાટોત્સવ |
| તા. ૦૯/૫/'૧૫ | વૈશાખ વદ ૫ | ધોળકા સ્વામિ. મંદિરનો પાટોત્સવ. ભુજ પ્રસાદી મંદિર ઘનશ્યામ મહા.નો પાટોત્સવ, સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની અંતર્ધાન તિથિ. |
| તા. ૧૩/૫/'૧૫ | વૈશાખ વદ ૧૦ | સ.ગુ. મુનિસ્વામીશ્રી કેશવપ્રિયદાસજી સ્વામીની અંતર્ધાનતિથિ. |
| તા. ૧૪/૫/'૧૫ | વૈશાખ વદ ૧૧ | અપરા એકાદશી. ઉપવાસ. |
| તા. ૧૫/૫/'૧૫ | વૈશાખ વદ ૧૨ | લંડન સ્ટેનમોર (યુ.કે.) સ્વામિ. મંદિર પાટોત્સવ |
| તા. ૨૬/૫/'૧૫ | જેઠ સુદ ૮ | અ.મુ.ભુરાબાપા (વાટાવદર)ની અંતર્ધાનતિથિ. |
| તા. ૨૭/૫/'૧૫ | જેઠ સુદ ૯ | શ્રીહરિ જયંતિ |
| તા. ૨૮/૫/'૧૫ | જેઠ સુદ ૧૦ | સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની અંતર્ધાનતિથિ, અ.મુ. સ.ગુ.શ્રી બ્રહ્માનંદ સ્વામી તથા હરિપ્રસાદદાસજી લીમડાવાળાની અંતર્ધાનતિથિ. |
| તા. ૨૯/૫/'૧૫ | જેઠ સુદ ૧૧ | નિર્જલા (ભીમ) એકાદશી, ઉપવાસ. છપૈયા સ્વામિ. મંદિર પાટોત્સવ આદિ આચાર્ય પ.પૂ.ધ.ધુ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની પ્રાગટ્યતિથિ. |

# મૂર્તિ સુખે સુખિયા

અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રીના સુપુત્ર અ.મુ. મનજીબાપાના સુપુત્રી રામબાઈ કલ્યાણ રાઘવાણી, ઉ.વ.૧૦૦, તા.૧૭/૩/'૧૫ના રોજ બળદિયા મુકામે મૂર્તિ સુખે સુખિયા થયા છે.

બાપાશ્રીના અંગત હેતવાળા અ.મુ.ધનજીભાઈ-નારણપરવાળાના વંશ જ તથા કુરજીભાઈ લાલજીભાઈના પૌત્ર જગદીશભાઈ હરજીભાઈ, ઉ.વ.૩૨, તા.૨૦/૩/'૧૫ના રોજ નૈરોબી મુકામે મૂર્તિ સુખે સુખિયા થયા છે.



**શ્રી સ્વામિનારાયણ ભગવાનનો ૨૩૪મો પ્રાગટ્યોત્સવ, ચૈત્ર સુદ - ૯, સંવત્ ૨૦૭૧, તા. ૨૮-૩-૨૦૧૫**



**તીર્થધામ અબજીબાપાશ્રીની છતેડીના દર્શનાર્થે પધારેલ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ રાજકોટનું સંત મંડળ**



**વર્ષ ૨૦૧૪-૧૫ના ૧૦માં ધોરણના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ**



સાધનના બળે મૂર્તિમાં રહેવાતું નથી, કૃપાથી રહેવાય છે.